અર્ઘ્યાંજલિ

અદ્ભુત સમતાવારિધિ, કરુણાના સાગર, ક્ષમાના ભંડાર,
અનુપમ વાત્સલ્યનિધિ, ઉદાર ચિત્ત, અડગ વૈરાગી,
આદર્શ ગુણગ્રાહી, નિડર પ્રરૂપક, અજાત શત્રુ, પ્રાતઃ
સ્મરણીય પ્રશાન્તમૂર્તિ પરમગુરુદેવશ્રી આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની
અસીમ કૃપાથી પ્રાપ્ત થયેલ શક્તિ ચિંતનોના
ફલસ્વરૂપ આ પુસ્તક તેઓશ્રીના કરકમલમાં
સાદર સમર્પણ કરી અલ્પાંશે કૃતાર્થતા
અનુભવતો કૃપાકાંક્ષી આપનો ચરણ
કિંકર **પ્રવીણની** કોટિશઃ વંદના.

આભારદર્શન

સાંબરીનિવાસી (હાલ મુંબઈ) શેઠ છોટાલાલ મણીલાલ ઝવેરી (લલીતાધર્મ) જિનેશ્વરદેવની ભક્તિ અને ગુરુમહારાજની સેવામાં અપૂર્વ રસ ધરાવતા હોઈ અનેક ગામોમાં જિનેશ્વરદેવોની પૂજા તથા મહોત્સવ આદિ કરાવી આજ સુધી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરતા આવ્યા છે. એટલું જ નહિ પણ તેમના તરફથી જૈન ધર્મ વિષયક વિવિધ સાહિત્ય વિશાળ પ્રમાણમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. વળી મહિમા સંપન્ન પૂ૦ પં૦ મ૦ શ્રી **મહિમાવિજયજી** મ૦ ના પચ્ચીસ વર્ષના દીક્ષા પર્યાયની ઉજવણી પ્રસંગે તેમના તરફથી ચતુર્વિધસંઘને ઉપયોગી બને એવું આવશ્યક મુક્તાવલી નામના દળદાર પુસ્તકની ત્રણ હજાર નકલ પ્રગટ કરવામાં આવી હતી. એ તેઓનો સમ્યગ્જ્ઞાન પ્રત્યેનો અપૂર્વ પ્રેમ જણાવી આપે છે.

તેમની દેવ, ગુરુ અને જ્ઞાન પ્રત્યેની ભક્તિ અને પ્રેમ હોઈને તેમના સુપુત્રો-પુત્રી **લક્ષ્મીકાન્ત, લલીતકુમાર** અને **નરેશકુમાર, સુમનબેન, વસુમતી** તથા **જ્યોત્સ્નામાં** પણ ધર્મકાર્યના સુંદર સંસ્કારોની છાપ પડી છે.

તેમના કુટુંબમાં પૂજા-સેવા, નવકારમંત્રનો જાપ અને દેવગુરુ પ્રત્યેનો અપૂર્વ રાગ આદિ સુસંસ્કારોની સુવાસ મહેકાવનાર પૂ૦ પં૦ મ૦ શ્રી **મહિમાવિજયજી** મ૦ ની શુભ પ્રેરણા તથા તેમના ધર્માનુરાગી સદ્ગુણી **કાન્તાલક્ષ્મીની** સુસંગતને આભારી ઉત્પન્ન

અનુક્રમણિકા

ખંડ ૧ લો.

ખંડ ૩ જો

ખંડ ૪ થો

મહારાષ્ટ્ર તથા ગુજરાતમાં

ચોમાસા તથા શેષકાળ દરમ્યાન

થયેલ ધર્મપ્રભાવનાની

ટૂંક નોંધ

ટૂંક નોંધ

પરમ શાસનપ્રભાવક, જૈનરત્ન, વ્યાખ્યાનવાચસ્પતિ પરમ પવિત્ર નામધેય, પૂજ્ય આચાર્યદેવેશ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના દેશનાદક્ષ પૂ. પંન્યાસજી મહારાજ શ્રી **પ્રવીણવિજયજી** ગણિવર, મહિમાસંપન્ન પૂ મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મહારાજ તથા મુનિશ્રી **સુશીલવિજયજી** મહારાજ ઠાણા ત્રણના મહારાષ્ટ્રમાં સાંગલી, તળેગામ, દાભાડા સંગમનેર, અહમદનગર તથા પુનામાં થયેલ ચાતુર્માસ તથા શેષકાળ દરમ્યાન થયેલ વિવિધ ધર્મપ્રભાવનાનો નિર્દેશ અનંતાને અનુમોદના લાભ એ ઉદ્દેશથી "અંતરના અજવાળા" નામક પુસ્તકમાં સામાન્યતયા કરવામાં આવ્યો છે. "અંતરના અજવાળા" (આત્મના અજવાળા)ની બીજી આવૃત્તિ પ્રગટ થતાં બાકી રહેલ ધર્મપ્રભાવનાનો હેવાલ અત્ર પ્રસિદ્ધ કરવો ઉચિત ધાર્યો છે. જે ગુણગ્રાહી આત્માઓ માટે ઉપર જણાવ્યા મુજબ અનુમોદનાનું કારણ બને એવું ઈચ્છીએ છીએ.

ચાતુર્માસના અંતે

પુના શહેરમાં વિ. સં. ૨૦૦૬ માં થયેલ ચાતુર્માસ અભૂતપૂર્વ અને અવર્ણનીય ધર્મપ્રભાવના સાથ નિર્વિઘ્ન પૂર્ણ થવા આવ્યું હતું.

પણ તેજ દિને થઈ હતી. પ્રભુજીના પ્રવેશના શુભ સમાચારથી સંઘમાં અપૂર્વ આનંદ દૃષ્ટિગોચર થતો હતો. દરરોજ ભિન્ન ભિન્ન સદ્‌ગૃહસ્થો તરફથી વિવિધ પૂજાઓ ભણાતી હતી તેમ હંમેશાં વિવિધ અંગરચનાઓ પણ થતી. છેલ્લે દિવસે શાન્તિ સ્નાત્ર ખૂબ ઠાઠથી ભણાવવામાં આવ્યું હતું. [illegible] માંગરોળવાળા શેઠ ફકીરચંદ [illegible] ઉત્સાહથી ખૂબ ઉલ્લાસપૂર્વક કરાવી હતી.

આ પ્રસંગે દેવદ્રવ્યાદિની આવક તેમ ઉપજવાની ટીપ ખૂબ પ્રમાણમાં થવા પામી હતી. રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો તેમાં સોનાનો રથ, ગાડીઓ, બેન્ડ, નગારખાના આદિ અનેકવિધ સામગ્રીઓ હોઈ વરઘોડાની શોભા અપૂર્વ થવા પામી હતી. આ પ્રસંગે પૂ. આ. મ. **વિજયલાવણ્ય-સૂરીશ્વરજી** મહારાજ તથા પૂ. પં. શ્રી **સુશીલવિજય** મ૦ તેમ સાધ્વીજી શ્રી **ચંપકશ્રીજી** ઠાણા ત્રણ, કેમ્પથી **ગૌતમશ્રીજી** આદિ ઠાણા પધાર્યા હતા. શાસનની શોભા ખૂબ જ થવા પામી હતી.

મહોત્સવના છેલ્લા બે દિવસ માટે **શાંતિલાલ** [illegible] આવેલ હોઈ ભાવનામાં અપૂર્વ રંગ જામ્યો હતો. આ પ્રસંગે લલિત ધર્મવાળા શેઠ **છોટાલાલ મણીલાલ** તેમ ભાવિક ગૃહસ્થોએ હાજરી આપી હતી. દરરોજ જુદા જુદા ગૃહસ્થો તરફથી સ્વામિવાત્સલ્ય પણ થતા હતા.

<u>પુના કેમ્પમાં પધાર્યા</u>

ત્યાંથી પુના કેમ્પના અત્યંત આગ્રહથી ત્યાં પધારતાં શ્રી

આજુબાજુના ગામોથી ૭૫ લગભગની સંખ્યામાં જનતા વંદનાર્થે આવી પહોંચી હતી. ત્યાંથી ઉમરાજ થઈ ઓતુર પધારતાં સંઘે સુંદર સામૈયું કર્યું, તે દિવસે દેવચંદ પાનાચંદ તરફથી ઠાઠપૂર્વક પૂજા ભણાવવામાં આવી, ત્યાં પણ આજુબાજુના ગામોથી તેમ જુન્નર, સંગમનેર આદિ સ્થળોએથી સવાસોની સંખ્યામાં જનતા વંદનાર્થે આવી પહોંચી હતી.

ત્યાંથી બ્રાહ્મણવાડા થઈ કોતુલ પધારતા સંઘે સુંદર સત્કાર કર્યો હતો. વ્યાખ્યાન આદિથી સારો લાભ થયો હતો.

રાજુર પધાર્યા

પૂ૦ મહારાજશ્રી રાજુર કે જ્યાં માત્ર વીશ-પચ્ચીશ ઘર જૈનોના ઘરો છે. લગભગ ૬૧ વર્ષ બાદ ત્યાંના જિનાલયના જીર્ણોદ્ધારની પૂર્ણાહુતિ બાદ શ્રી શાન્તિસ્નાત્ર મહોત્સવ નિમિત્ત સસત્કાર પધારતાં સંઘમાં અનેરો ઉત્સાહ વ્યાપ્યો હતો.

મહોત્સવનો પ્રારંભ

સંવત ૨૦૧૦ના મહા વદ ૧૨ ના દિનથી મહોત્સવનો પ્રારંભ થયો, આઠે દિન જુદા જુદા બાઈઓ તરફથી વિવિધ પૂજનો, અંગરચના કરવામાં આવી હતી. પાટણના ધર્મપ્રેમી સંગીતકાર બાબુ લક્ષ્મીચંદભાઈ તથા નાસીકથી બાદરવં બાબુભાઈ મોતીચંદ આવેલ હોઈ પૂજન-ભાવનામાં અપૂર્વ રમઝટ આવી હતી. શાન્તિસ્નાત્ર આદિ ક્રિયા માટે ઠાણાના શા. છગનભાઈ, મોહનલાલ, હીરાલાલ આદિ આવેલ હોઈ તેમાં પણ અપૂર્વ આનંદ આવ્યો હતો. શાન્તિસ્નાત્ર મહોત્સવ અંગે ૬૧ વર્ષના લાંબા ગાળા બાદ ઉજવવામાં આવેલ

કાર્યો હાથી થયા હતા. ત્યાંથી નંદુર આદિ થઈ નાસિક પધારતા શ્રી સંઘે એન્ડથી સુંદર સત્કાર કર્યો હતો. અત્રેના સંઘના અત્યાગ્રહથી આઠેક દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાન તરફ દર માસે બાર તિથિ, આયંબીલ, આધ્યાત્મ ખાતાની ખોટ પૂરવા માટે ઘર દીઠ એક આનો ત્રણ વર્ષ સુધી આપવાનો નિશ્ચય, પૂજાઓ તેમ ચંદનબાળાના નવ અઠમ આદિ ધારેલ કાર્યો થતા સંઘમાં આનંદ પ્રવર્ત્યો હતો.

ત્યાંથી નાસિક

અત્રેથી નાસિકના શેઠ મોતીચંદ લાલચંદવાળાને ત્યાં પોતાની પુત્રીના લગ્ન પ્રસંગે શ્રી શાન્તિસ્નાત્ર મહોત્સવ કરવાના હોઈ તેમની આગ્રહભરી વિનંતિથી ત્યાં પધારતા શ્રી સંઘે એન્ડથી સુંદર સત્કાર કર્યો હતો. આઠ દિવસ વ્યાખ્યાનનો જનતાએ સુંદર લાભ લીધો અને મહોત્સવ પણ ઠાઠથી ઉજવાયો હતો. ત્યાંથી મહારાજશ્રી ઘોટી પધારતા ત્યાંના તેમની તબીયત નાદુરસ્ત હોઈ ગુંદરલાલ વાડીલાલ, ચીનુભાઈ તથા ડૉક્ટર આદિએ સુંદર સેવા બજાવી હતી. ઘોટી પધારતાં શ્રી સંઘે સુંદર સત્કાર કર્યો હતો. ત્રણ દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાન વિગેરે થતા, આયંબીલ કરાવવાનું નક્કી થયું. યુવાન વર્ગ પણ ધર્મમાં સારો જોડાયો હતો.

પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો મેળાપ

ઘોટીથી કસારા ઘાટ ઉતરતા વઢીપુરના પૂ૦ સિદ્ધાંત મહોદધિ ત્યાગમૂર્તિ પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાલ મુનિમંડળનું

કોનોલીથી આવેલ સકળ સંઘનું સ્વામીવાત્સલ્ય શાહ ચંદુલાલ સ્વરૂપચંદ તરફથી કરવામાં આવ્યું હતું તથા ત્યાં ભગવાન સાથે લગ્ન ધામધૂમપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. એમ જ શ્રી નેમ મરચાડથી કેટલાક ભાઈઓ આવતા પૂજામાં અનેરો રંગ જામ્યો હતો. મરચાડ સંઘના અત્યંત આગ્રહથી મહારાજશ્રી ચૈ. સુ. ૧ ના ત્યાં પધારતા ભવ્ય સુંદર સત્કાર કર્યો હતો

વંદનાર્થે

ત્યાં મુંબઈથી શા છોટાલાલ મણીલાલ મહારાજશ્રીને વંદનાર્થે આવતાં તેમના તરફથી પ્યાલા તથા નાળીયેરની પ્રભાવના કરવામાં આવી હતી

મુંબઈ તરફ

ત્યાંથી કલ્યાણ પધારતા શ્રી સંઘે બેન્ડથી સુંદર સત્કાર કર્યો હતો. બે દિવસ વ્યાખ્યાન આદિ થયા હતા. ત્યાંથી ભીવંડી થાણા થઈ મુંબઈ પધારતા પૂ૦ પન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી આદિ મુનિવરોનો મેળાપ થયો. અન્યોન્ય વંદન અને વાર્તાલાપથી ખૂબ ખુશી ઉત્પન્ન થઈ. ચૈત્ર સુદ ૧૩ નો દિન હોઈ પૂ૦ બન્ને પંન્યાસજી મહારાજ તથા મુનિરાજ શ્રી મોહિતવિજયજીએ પ્રભુ મહાવીરસ્વામીના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડ્યો હતો. ત્યાંથી ભાંડુપ પધારતા શ્રી સંઘના આગ્રહથી બે દિન રોકાતાં જનતાએ વ્યાખ્યાન આદિનો સારો લાભ લીધો હતો. ચૈત્ર પૂર્ણિમાના દિને ચંદુલાલના મકાનમાં પોતાના ગોવિંદજી જૈનશાળાએ બનાવેલ શ્રી શત્રુંજયનો પટ બંધાવેલ હોય તે જુહારવા સાથે આવેલ ચતુર્વિધ સંઘ સાથે ગયા હતા.

દિવસ રોકાયા હતા. શેઠ શાંતિલાલ જીવણજીભાઈએ નવાનો લાભ સુંદર ઉઠાવ્યો હતો. અહીંના સંઘની ચોમાસા માટે ખૂબ વિનતી થઈ હતી પરંતુ શાહપુરના ચોમાસા માટે લગભગ નક્કી થયું હોઈ તેનો અસ્વીકાર થયો હતો.

અહીંની થોડી પણ સ્થિરતા દરમ્યાન પૂ. પંન્યાસજી મહારાજની વ્યાખ્યાન વાણીનો લાભ જનતા વિશાળ સંખ્યામાં લેતી હતી. ધર્મપ્રેમી શ્રીયુત્ **હરિભાઈ, દેવચંદભાઈ** આદિ ટ્રસ્ટીઓ પણ નિયમીત લાભ લેતા હતા.

નરેન્દ્રકુમારના જન્મ દિન નિમિત્તે

શેઠ **છોટાલાલ મણીલાલ** (નવીન ક્ષપક) ના લઘુ પુત્ર ભાઈ **નરેન્દ્રકુમારનો** ચૈત્ર વદ ૫ નો જન્મ દિન હોઈ તેમના તરફથી આંગી, પૂજા, ભાવનાદિ સુંદર કાર્યો થયા હતા. ભાવનામાં **શાંતિલાલ** શાહ આવેલા હોઈ ભક્તિરસમાં અપૂર્વ રંગ જામ્યો હતો.

વૈ. શુ. ૩ ના પૂજ્ય પંન્યાસજી મહારાજની દીક્ષા તિથિ હોઈ શેઠ **નાનચંદ ખુશાલભાઈ** તરફથી ભવ્ય અંગરચના તેમ વ્યાખ્યાન સમયે પ્રભાવના કરવામાં આવી હતી.

ચોપાટી પધાર્યા

ત્યાંથી **ઝવેરી બાબુભાઈ પ્રેમચંદના** અતિ આગ્રહથી તેમના નિવાસ સ્થાને પધારવાનું હોઈ પહેલા ઝવેરી **કસ્તુરચંદ ભાઈચંદ ગુલાબચંદ** ને ત્યાં પધાર્યા હતા. ત્યાં વ્યાખ્યાન બાદ પ્રભાવના કરવામાં આવી હતી. અહીં સુરતી આદિ અનેક મહાનુભાવો આવી પહોંચતા ત્યાંથી ઠાઠપૂર્વક જૈન મંદિર

નીકાર થતાં ગયેલ વ્યાખ્યાન હોલમાં પૂ. મુનિરાજ શ્રી મહિમા-વિજયજીએ શ્રાવકોના છ કર્તવ્ય ઉપર ટુંકમાં વિવેચન કર્યા બાદ પૂ. પંન્યાસજી મહારાજે ચમા મંગલ સૂત્રો ઉપર સુંદર વિવેચન કર્યું હતું. જનતાના અમાપ હર્ષ વચ્ચે માં-ગલની સુંદર ધ્વનિ ઉચ્ચારી બાદ લાડુની પ્રભાવના ના-ણાં વિખરાયા હતા. બીજે દિને શ્રી નેમિનાથના દહેરાસરના વિશાળ હોલમાં '**દાનની મહત્તા**' એ વિષય ઉપર મનનીય વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. જેનો લાભ જનતાએ વિશાળ સંખ્યામાં લીધો હતો. પૂજા, આંગી ભાવના વગેરે ઠાઠથી થયા હતા.

<u>કોટમાં પધાર્યા</u>

અત્રેથી મુંબઈ શ્રી કોટના સંઘના તેમ '**લલીતપ્રધર્મ**' વાળાના આગ્રહથી તે તરફ વિહાર કરતાં વચમાં શાહ **હીરા-ભાઈ ચુનીભાઈના** આગ્રહથી તેમનાં ગૃહાંગણે મંગલાચરણ કરી પૂ૦ મહારાજશ્રી બેન્ડ આદિના સુંદર સત્કાર સાથે ઉપાશ્રયે પધારી મંગલીક પ્રવચન કર્યા બાદ શ્રીયુત્ **છોટાલાલ મણીલાલ** (લલીત પ્રધર્મ) તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

ઉપાશ્રયેથી બીજે દિને શેઠ **છોટાલાલ મણીલાલના** અત્યંત આગ્રહથી તેમનાં નિવાસસ્થાને પધારતાં બેન્ડથી સુંદર સત્કાર કર્યો હતો. ત્યાં બે દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાન પૂજા ભાવના આદિ અનેક કાર્યક્રમ ગોઠવવામાં આવતાં અપૂર્વ ઉલ્લાસ આવ્યો હતો. પૂજામાં સંગીતકાર બાબુ શાંતિ-લાલ ન. મ. આદિ અનેક કલાકારો આવેલ હતાં પૂજામાં

આગ્રહ થતા માટુંગા, દાદર, કુર્લા, વ્યારા આદિ ગામોના વિનંતિ હોવા છતાં લાભાલાભને લક્ષમાં લઈ પૂ૦ આચાર્ય-દેવેશની આજ્ઞાથી શાહપુરમાં ચોમાસા માટે નક્કી થતાં, તે તરફ પ્રયાણ કરતાં માટુંગા થઈ શીવ (સાયન) પધારવાનું થયું. અત્રે મુનિરાજ શ્રી કુન્દકુન્દવિજયજી આદિનો મેળાપ થયો હતો. ત્યાંથી ઘાટકોપર, ભાંડુપ, મુલુંડ થઈ થાણા પધારતા અત્રે મુનિરાજ શ્રી પદ્મવિજયજી મહારાજ આદિ મુનિવરો મળ્યા હતા. મુનિવરોનો સમાગમ અને ભવ્ય તીર્થની યાત્રાની સુંદર તક પ્રાપ્ત થતા અપૂર્વ આનંદ અનુભવ્યો હતો. ત્યાંથી ભીવંડી આદિ થઈ શાહપુર ગામ બહાર બગલામાં પધાર્યા હતા.

ચાતુર્માસાર્થે ભવ્ય પ્રવેશ

પૂ૦ પન્યાસજી મહારાજ આદિ ઠાણા ૪, વિ. સં. ૨૦૧૦ના જેઠ સુદ ૪ની મંગલમય પ્રભાતે ચાતુર્માસાર્થે પધારનાર હોઈ અનેક સ્ત્રી-પુરુષો વહેલી સવારે ગામ બહાર આવી પહોંચ્યા હતા. કલ્યાણથી મંગાવેલ ખાસ બેન્ડ દ્વારા તેઓશ્રીનો સુંદર સત્કાર કરવામાં આવ્યો હતો. ગામના ભવ્ય રસ્તાઓમાં થઈ સામૈયું જિનમંદિરે આવતા રસ્તામાં અનેક સ્થળે ગહૂંલીઓથી તેમને વધાવવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગામને ધજા, તોરણ વિગેરેથી શણગારવામાં આવ્યું હતું.

ઉપાશ્રયે પધારતાં મહારાજશ્રીએ ઉપસ્થિત જનતા સમક્ષ માંગલિક પ્રવચન સંભળાવ્યું હતું. આ પ્રસંગે મુંબઈથી શેઠ ડાયાલાલ મણીલાલ, શા. નાનચંદ ખુશાલભાઈ, ઝોબી

અષાઢ વદ બીજ

અષાઢ વદ બીજના દિને ધર્મપ્રેમી શેઠ છોટાલાલ મણીલાલ (સંગીતપ્રેમી) પોતાના પિતાશ્રીની સ્વર્ગારોહણ તિથિ હોઇ જાણીતા સંગીતકાર શ્રીયુત દેવેન્દ્રવિજયજી આદિને તેમ અનુપમ આંગીકાર મુંબઈના રતીલાલ તથા મુક્તિલાલને ખાસ અત્રે આવ્યા હતા. તેમના તરફથી પૂજા, આંગી તથા ભાવના કરવામાં આવ્યા હતા તથા મહાજનનું વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. ઝવેરાતની ખૂબ આકર્ષક અને અપૂર્વ આંગી અત્રે પ્રથમ જ કરવામાં આવેલ હોઇ જૈન-જૈનેતરો દર્શનાર્થે વિશાળ સંખ્યામાં આવ્યા હતા. તેમના આ ધાર્મિક કાર્યોની અનુમોદનાના પ્રતીકરૂપે સંગમનેરના ધર્મપ્રેમી વકીલ શા હીંમતલાલ મગનલાલ તથા શા હીરાભાઈ બુલાભાઈ આદિના વક્તવ્યો બાદ તેમને તથા તેમના ધર્મપત્ની સુશ્રાવિકા કાન્તાલક્ષ્મીબેનને ફુલહારો અર્પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે સંગમનેર, તલેગામ-દાભાડા, ખરડી, કાનોલી ઘોટી, કવાજુ આદિ ગામોના અગ્રગણ્ય ગૃહસ્થોએ પણ હાજરી આપી હતી. અત્રેના સંઘે પણ સૌના ઉત્સાહભેર અપૂર્વ ભક્તિ બજાવી હતી.

વર્ધમાન તપનો પાયો

અ. વ. ૧ ના રોજ વર્ધમાન તપનો પાયો નાખવામાં આવતાં પચાસેક સ્ત્રી-પુરુષો જોડાયા હતા. વર્ધમાનતપમાં થતો બધો ખર્ચ સ્વ. નગીનદાસ હેમચંદના ધર્મપત્ની ચંદનબાઈ તરફથી આપવામાં આવ્યો હતો. પોરીસી આવેલ

પ્રવેશ કર્યો હતો. કુંભ પધરાવવાનો લાભ શા **ગુમાનલાલ ગણપતલાલે** લીધો હતો.

નવકારમંત્ર આદિ તપો નિમિત્તે એક ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. શાહ **મણીલાલ દીપચંદે** નાના ઉપધાનની કરેલ તપશ્ચર્યા નિમિત્તે પૂજા ભણાવવામાં આવી હતી. પૂજા માટે મુંબઈથી **મહાવીર જૈન સંગીત મંડળી** આવી હતી. પૂજામાં અપૂર્વ રંગ જામ્યો હતો.

વિવિધ ધર્મ પ્રભાવનાઓ

તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં શાહપુરના આંગણે અનેકવિધ તપો, વ્રતો પચ્ચક્ખાણ થવા ઉપરાંત અષ્ટમહાસિદ્ધિ તપ, નવનિધાન તપ આદિ તપો થતાં અનેક પુણ્યવાન જીવોએ લાભ લીધો હતો. જુદા જુદા ગૃહસ્થોએ નિમંત્રણ કરી તપસ્વીઓની ભક્તિનો લાભ ઉઠાવ્યો હતો.

પર્યુષણ પર્વની અપૂર્વ આરાધના

શાહપુરના આંગણે અનેકવિધ ધર્મ પ્રભાવના થવા સાથે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના પણ ખૂબ સુંદર થવા પામી હતી. આઠે દિવસ વ્યાખ્યાન માટે શેઠ **ગોદીદાસ ચુનીલાલના** મકાનના હોલને શણગારવામાં આવ્યો હતો.

સૂત્ર વહોરાવ્યું

શાહ **અમૃતલાલ રવચંદે** કલ્પસૂત્ર વહોરાવવાનો, શાહ **ગોદીદાસ ચુનીલાલે** પારણું ઘેર લઈ જવાનો અને કુંવરજીના **ભાગચંદ લલ્લુભાઈએ** બારસાસૂત્ર વહોરાવવાનો અપૂર્વ લાભ ઉઠાવ્યો હતો.

પ્રવેશ કર્યો હતો. કુંભ પધરાવવાનો લાભ ના **ગુમાનલાલ ગણપતલાલે** લીધો હતો.

નવકારમંત્ર આદિ તપો નિમિત્તે એક ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. શાહ **મણીલાલ દીપચંદે** આવ ઉજમણું કરેલ તપશ્ચર્યા નિમિત્ત પૂજા ભણાવવામાં આવી હતી. પૂજા માટે મુંબઈથી **મહાવીર જૈન સંગીત મંડળ** આવેલ જેણે પૂજામાં અપૂર્વ રંગ જમાવ્યો હતો.

વિવિધ ધર્મ પ્રભાવનાઓ

તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં શાહપુરના આંગણે અનેકવિધ તપો, વ્રતો પચ્ચખ્ખાણું થવા ઉપરાંત અઠ્ઠમતાસિદ્ધિ તપ, નવનિધાન તપ આદિ તપો થતા અનેક પુણ્યવાન જીવોએ લાભ લીધો હતો. જુદાજુદા ગૃહસ્થોએ એકાસણા કરાવી તપસ્વીઓની ભક્તિનો લાભ ઉઠાવ્યો હતો.

પર્યુષણ પર્વની અપૂર્વ આરાધના

શાહપુરના આંગણે અનેકવિધ ધર્મ પ્રભાવના થવા સાથે પર્વાધિરાજ પર્યુષણ પર્વની આરાધના પણ ખૂબ જ સુંદર થવા પામી હતી. આઠે દિવસ વ્યાખ્યાન માટે શેઠ મોતીદાસ ચુનીલાલના મોટા હોલને શણગારવામાં આવ્યો હતો.



સૂત્ર વહોરાવવું

શાહ **અમૃતલાલ દેવચંદે** કલ્પસૂત્ર વહોરાવવાનો, શાહ **મોતીદાસ ચુનીલાલે** પારણું ઘેર લઈ જવાનો અને કુંભારીના **ભાગચંદ લલ્લુભાઈએ** બારસાસૂત્ર વહોરાવવાનો અપૂર્વ લાભ ઉઠાવ્યો હતો.

ઉપરોક્ત પ્રસંગે તેમનાથી પ્રતિબોધને પામેલા તલેગામ, દાભાડા, પુના, સંગમનેર, અહમદનગર, મામવી, મંચર, શીરૂર, નાસીક, આદિ પચ્ચાસેક ગામોથી તેમનો અત્યાગ્રહ ગુરૂભક્તિથી આકર્ષાઈ વિના આમંત્રણે આવી પહોંચ્યા હતો. વ્યાખ્યાન સમયે અનેકોએ વિવિધ નિયમો ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે સુરતના ઝવેરી **શાંતિચંદ હીરાચંદે** ૩૫ વર્ષની ભરયુવાનવયમાં ચતુર્થવ્રત અંગીકાર કર્યું હતું. તેમ બીજા પણ બાર ભાવિક સજોડે ચતુર્થ વ્રત લીધું હતું. જે ઉપસ્થિત જનતાના ખૂબ જ અનુમોદનીય પ્રસંગ બન્યો હતો. તેમને પનાવાળા વા **કપુરચંદ શંકરલાલે** રૂા. ૪૧) નો ચાંલ્લો કર્યો હતો. પૂનાવાળા શેઠ ચંદુલાલ સ્વરૂપચંદ તરફથી શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. પૂજામાં શાંતિલાલ ગરેવા વિગેરે કલાકારો આવેલ હોઈ ભક્તિમાં ખૂબ જ રમઝટ આવી હતી. પૂનાના શ્રી પાર્શ્વનાથ સેવામંડળે તથા અંબર મંડળે તેમ અહમદનગરના મહિલા મંડળે પ્રભુભક્તિ કરી લોકોને ખૂબ જ આકર્ષિત કર્યા હતા. શેઠ **જયન્તિલાલ ઉમેદાકર** તથા જ્યોતિષાચાર્ય શ્રી **બાલકૃષ્ણાચાર્યે** સુંદર વિવેચન કરી પ્રભુભક્તિ તથા ગુરુભક્તિની મહત્તા બતાવી હતી. આ પ્રસંગે બહારગામથી આવેલ ભાઈઓને જુદીજુદી સંસ્થામાં આપવા માટે લગભગ એક હજાર રૂપિયાનો ફાળો પણ કર્યો હતો. બહાર ગામથી આવેલ મહેમાનોનું સાધર્મિકવાત્સલ્ય જુદાજુદા ગૃહસ્થો તરફથી કરવામાં આવ્યું હતું.

નવપદજીની આરાધના

આસો માસની શ્રી **સિદ્ધચક્ર** મહારાજની ઓળીનું આરા-

તેથી તેમના આગમન પ્રસંગે [illegible] ના [illegible] સ્વાગત [illegible] ના કરવામાં આવી હતી [illegible] તેમના તરફથી સાધર્મિક વાત્સલ્ય [illegible]

તીર્થયાત્રાના કારણે



ત્યાંથી માર્ગમાં, [illegible] તીર્થ પ્રવાસ [illegible] મહિમાવિજયજી મહારાજની નિશ્રામાં [illegible] માસ સુધી [illegible]

આદ્ય મેરૂ-

[illegible] શિવલાલ મણીલાલ [illegible] સિદ્ધાચલજી [illegible] શાંતિલાલ [illegible] પૂજા [illegible] હતા.

પ્રભુજીની સાલગીરી

[illegible]-૧૦ ના [illegible] સાલ [illegible] તરફથી પૂજા, [illegible] વિગેરે ઠાઠપૂર્વક કરવામાં આવ્યા હતા [illegible] તથા બહારથી આવેલ ભાઈઓનું સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

રામચંદ્રસૂરીશ્વરજી મ. ના શિષ્ય મુનિરાજશ્રી રોહિતવિજયજી મ. પૂ. પં. શ્રી ભદ્રંકર વિ. ગણીવરના શિષ્ય, પૂ. મુનિરાજશ્રી હર્ષવિજયજી મ. આદિ ઠાણા તેરે લાલબાગ (ભૂલેશ્વર) જૈન ઉપાશ્રયમાં પ્રવેશ કર્યો હતો. પૂ. પન્યાસજી મ. ના માંગલીક પ્રવચન બાદ પ્રભાવના કરવામાં આવી હતી. આ નિમિત્તે લાલબાગમાં શ્રી મહાવીર સ્વામીના જિનાલયમાં પંચ કલ્યાણી મહોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો. દરરોજ પ્રભુજીને ભવ્ય આંગી, ભાવના, તથા ઠાઠપૂર્વક ભણાતી પૂજાએ અપૂર્વ રંગ જમાવ્યો હતો.

વૈ. શુ. ૬ ના માંગલીક પ્રભાતે લાલબાગનો ઉપાશ્રય ભાવિક જનોથી ચિક્કાર ભરાઈ ગયો હતો. તેમાં સુરતી ઓસવાલોની હાજરી વધુ ધ્યાન ખેંચતી હતી. પૂ. પન્યાસજી મ. નું મંગલાચરણ થયા બાદ કાર્યક્રમની શરૂઆત થઈ હતી. પ્રારંભમાં શ્રીયુત શાંતિલાલ શાહે મંગલીક ગીત સુંદર સ્વરથી ગાયું હતું.

ત્યાર બાદ આ સમારંભની સફળતા ઇચ્છનારાઓ તરફથી આવેલ અનેક તાર-ટપાલ આદિ શા. હીરાલાલ ભુદરભાઈએ વાંચી સંભળાવ્યા હતા. પ્રસંગોચિત પ્રવચનની શરૂઆતમાં ઝવેરી બાબુભાઈ પ્રેમચંદે તેમના જીવન સાથે અત્યંત સુપરિચિત હોઈ પૂ. મહારાજશ્રીનો દીક્ષાથી લઈ આજ સુધીનો સુંદર ઇતિહાસ વૈરાગ્યમય રોચક શૈલીથી રજુ કરતા જણાવ્યું હતું કે, સુરતમાં વિશા ઓસવાલની જ્ઞાતિમાં તેમના સ્વયંમેવ જ માતપિતાની સંમતિથી ધામધૂમ પૂર્વક અને ખુબજ ઉલ્લાસભર્યા વાતાવરણ વચ્ચે વંશ વિશાની જ્ઞાતિમાં, તેમની દીક્ષા પ્રથમ જ થઈ હોય તે મહત્વનો બનાવ

ધર્મસેવા કરવાનું અપૂર્વ બળ સમર્પે એવી અભિલાષા વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ ધર્માનુરાગી શેઠ **છોટાલાલ મણીલાલ** (વકીલ બ્રધર્સ) તરફથી આ પ્રસંગે ખાસ તૈયાર કરવામાં આવેલ **‘આવશ્યક મુક્તાવલી’** નામનું એક બૃહદ્ પુસ્તક તેમને અર્પણ કરવામાં આવ્યું હતું. આ પુસ્તકની વિશેષતા એ છે કે તેને સુંદર ફોટોગ્રાફીક બ્લોકથી સુશોભિત કરવામાં આવેલ છે. બ્લોક ઉપર તીર્થરાજ શ્રી શત્રુંજયગિરિનો આબેહૂબ ફોટો અને તેના ઉપર શાસનપ્રભાવક પૂ૦ આ૦ દેવેશ શ્રીમદ્ વિજય **લબ્ધિસૂરીશ્વરજી** મહારાજ, પૂ૦ પન્યાસજી શ્રી **પ્રવીણવિજયજી** ગણિવર્ય તથા પૂ૦ મુનિવર્ય શ્રી **મહિમાવિજયજી** મ૦ શ્રીના ફોટાઓના દર્શન થાય છે. આ ગ્રંથમાં સાધુ સાધ્વી, શ્રાવક શ્રાવિકાને ઉપયોગી અનેક વિષયોની ગુંથણી કરવામાં આવી છે. પુસ્તકના પાનાની સંખ્યા લગભગ સાડાઆઠસો જેટલી છે. પ્રસ્તુત પુસ્તક છપાવવા માટે ઉદાર ચિત્ત શેઠ **છોટાલાલ મણીલાલે** ઉદાર રકમ ખર્ચી જ્ઞાનની અપૂર્વ ભક્તિનો લાભ લીધો છે. એ માટે તેઓશ્રી ધન્યવાદને પાત્ર છે. આ પ્રસંગે **દેવચંદ લાલભાઈ** ફંડ તરફથી ઝવેરી કેસરીચંદ હીરાચંદે દશ વૈકાલીક સૂત્ર વહોરાવ્યું હતું. તપસ્વી મુનિરાજશ્રી **હર્ષવિજયજી** મહારાજ પૂ. મુનિરાજશ્રી **કીર્તિવિજયજી** મહારાજ આદિ ઠાણા પણ પધાર્યા હતા. તેઓશ્રીએ પણ પ્રવચન કરતા જણાવ્યું હતું કે, ત્યાગીઓના ગુણાનુવાદ કરવા અને કરાવવા માટે જૈન સમાજે આવા ધાર્મિક જલસા ઉજવી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કરવો અતિ આવશ્યક ગણાય.

ચંદ હીરાચંદે એક હજાર રૂપિયા ઓસવાળ જ્ઞાતિના સાધર્મિક ભાઈઓને સહાય કરવા માટે અર્પણ કરી પોતાની ઉદારતા બતાવી હતી.

આ મહોત્સવમાં **શાંતિલાલ** શાહ, મલાડ **પાર્શ્વદીપક** મંડળ **સંગીતમંડળ,** ગવૈયા **દેવેન્દ્રવિજય, કનૈયાલાલ** ઘોઘાવાળા શા. **રમણીકલાલ બાબુલાલ** વિગેરે આવેલ હોઈ પૂજા ભાવનામાં અપૂર્વ રમઝટ જમાવી ખૂબ ઉલ્લાસ પ્રગટાવ્યો હતો.

અત્રેથી મહારાજશ્રી ભાયખળા, દાદર, અંધેરી થઈ ગોરેગામ પધારતા મુનિશ્રી **ચિદાનંદમુનિજી** આદિ સાધુનો મેળાપ થયો. ત્યાંથી મહારાજશ્રી મલાડ તરફ પધાર્યા.

૩૩મો વર્ષગાંઠ દિન

મલાડમાં જગવલ્લભ **પાર્શ્વનાથની** ૩૩મી વર્ષગાંઠ હોઈ શ્રી સંઘના આગ્રહથી મહોત્સવ ઉપર સમયસર પધાર્યા હતા. આઠે દિન પૂજા, પ્રભાવના, આંગી ભાવના વિગેરેમાં શ્રી પાર્શ્વદીપક મંડળે અદ્ભુત રંગ જમાવ્યો હતો. છેલ્લે દિવસે શ્રી સંઘનું સ્વામીવાત્સલ્ય કરવામાં આવ્યું હતું. પુરુષોએ સારી સેવા અર્પી હતી.

દેવચંદ શેઠની વાડીમાં

દેવચંદ શેઠ આદિ ત્યાંના સંઘની વિનંતિથી મહારાજશ્રી ત્યાં સમયસર પધાર્યા હતા. સ્થિરતા દરમ્યાન ત્યાંની જનતાએ વ્યાખ્યાનવાણીનો લાભ ઉઠાવ્યો હતો.

વર્ધમાનતપનો પાયો

આ. સુ. ૧૦ના રોજ [illegible] વર્ધમાન તપનો પાયો નાખ્યો હતો. [illegible] શા. નાનચંદ મુલચંદ [illegible]

[illegible]

સિદ્ધચક્રનું બૃહતપૂજન

પૂ. પંન્યાસજી મ. આદિ [illegible] નિશ્રામાં અનેકવિધ તપોની ઉજવણી નિમિત્તે શ્રી સિદ્ધચક્રજીનું બૃહતપૂજન ભણાવવાનો [illegible] પૂર્વક થયું હતું. આ પૂજનમાં ભાગ લેનારી અનેકવિધ [illegible] શાહ શાન્તિલાલ મગનભાઈની [illegible] શાન્તિકળશ [illegible] હતા. [illegible] શાન્તિસ્નાત્ર [illegible] ભક્તિપૂર્વક [illegible] હતું. આ પૂજનનો લાભ લેવા માટે સ્થાનિક અને મુંબઈ [illegible] હજાર માનવીઓ આવ્યા હતા. [illegible] કરાવવાનો લાભ [illegible] શાહ અમૃતલાલ પદમશીભાઈએ લીધો હતો. ભાવનામાં [illegible] શાન્તિલાલ [illegible] રમઝટ જમાવી હતી. શા. કાન્તિલાલ મણીલાલ તરફથી નોકારશી આયંબિલ કરાવવામાં આવ્યા હતા. [illegible] સાધુની પ્રભાવના કરવામાં આવી હતી.

આ પ્રસંગે [illegible]

જનરલ ટીપ

સાધારણખાતુ, પાઠશાળા, વર્ધમાનખાતુ, [illegible] આદિ ખાતાઓમાં ઉદાર ગૃહસ્થોએ સારી મદદ આપી ચંચળ લક્ષ્મીનો સુંદર લાભ ઉઠાવ્યો હતો.

સુંદર તપશ્ચર્યા

સોળ-દશ-નવ-આઠ મળી ૭૫) અને ચારથી માસ ખમણ ૫૦) એમ કુલ તપસ્વીઓની સંખ્યા ૧૨૫) થઈ હતી. આ તપસ્વીઓમાં કેટલાએ એક ઉપવાસ ઉપરાંત વધુ તપશ્ચર્યા કદી પણ ન કરી હોય એવા અનેક સ્ત્રી-પુરુષોએ ઝંપલાવવાની હીંમત કરી હતી. ગરમીના સખત મોસમમાં પણ તપસ્વીઓની ધીરજ અને સહનશીલતા ખૂબજ પ્રશંસનીય હતી.

ચોસઠ પહોરી પૌષધ પણ ૪૦) ની સંખ્યામાં થયા હતા.

પારણા તથા પ્રભાવના

તપસ્વીઓના પારણા શેઠ **અમૃતલાલ પદમશી** જામનગરવાળા તરફથી તેમના રહેણાંકે કરાવવામાં આવ્યા હતા. ચોસઠ પહોરી પૌષધવાળાને એકાસણા શેઠ **ભુરાલાલ છગનલાલ** તરફથી કરાવવામાં આવ્યા હતા. તે સમયે તપસ્વીઓને શેઠ **છોટાલાલ મણીલાલ** (સ્વીનપર્સ) તરફથી ચાંદીની વાટકી, **ઝવેરી બાબુભાઈ પ્રેમચંદ** તરફથી પિત્તળની થાળી, તથા શેઠ **અમૃતલાલ પદમશી** તરફથી શ્રીફળ અને રૂપિયાની પ્રભાવના આપવામાં આવી હતી. સકળસંઘનું સ્વામીવાત્સલ્ય પણ શેઠ **અમૃતલાલ પદમશીભાઈ** તરફથી કરવામાં આવ્યું

સાવત્થામાં આવેલ ત્રેવીશ હજાર પુ [illegible] [illegible] વર્ષના તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુની [illegible] ભવ્ય પ્રતિમા [illegible] શ્રી પાર્શ્વદીપક આત્મ કળાના હાથ [illegible] સુંદર ગાદી. ગોઠીજી જિનાલયથી આવેલ [illegible] દેદીપ્યમાન રથ, પ્રભુજીનું [illegible] નિધિ તપના ઘડા આદિને [illegible] પ્રભુજી [illegible] વિશાળ આનંદપૂર્વક આદિ અનેક [illegible] મેળામાં અપૂર્વ થયા પામી હતી. [illegible] ભવ્ય [illegible] વરઘોડો પ્રથમ જ [illegible] [illegible] જનતાની આવનજાવન [illegible] [illegible] હતી

પ્રભુજીના [illegible] **નાનચંદ હુલાસભાઈ** [illegible] હતા ત્યારે પ્રભુજીને લઈને [illegible] **શાન્તિલાલ અમરચંદ** લીધા હતા. શા. **કેશવલાલ મગનલાલે** [illegible] લાભ લીધો હતો.

આખા વરઘોડામાં [illegible] **પાર્શ્વનાથ** ભગવાનની [illegible] હતી. પાર્શ્વનાથ ભગવાનના [illegible] શા. **કાન્તિલાલ છગનલાલે** [illegible] હતો

રસ્તાઓનો આ ભવ્ય વરઘોડો [illegible] સત્તાઓમાં લગભગ બે કલાક સુધી ફરી [illegible] ઉતર્યો હતો

પૂ૦ પન્યાસજી મહારાજ શ્રી **કંચનવિજયજી** [illegible] શિષ્ય મુનિશ્રી **મંગળવિજયજી** તથા મુનિશ્રી **દિવ્યવિજયજી** પણ વરઘોડામાં પધાર્યા હતા.

વિવેચનો થયા હતા. ૮૧ આયંબીલ શા હીરાલાલ મણીલાલ તરફથી કરવામાં આવ્યા હતા. [illegible] પૂજાને અંગરચના કાણીસાના શા. અમૃતલાલ લાલચંદ તરફથી કરવામાં આવી હતી. સંઘ તરફથી પૂજા [illegible]પૂર્વક ભણાવવામાં આવી હતી.

જન્મદિનની ખુશાલી

ભા. વ. ૧૨નો દિન પૂ૦ મુનિરાજશ્રી **મહિમાવિજયજી** મહારાજનો જન્મદિન હોઈ મહાવીર, ગુજરાત, [illegible], તથા આજુબાજુના પરગામોમાંથી લગભગ [illegible] માણસ આવી પહોંચ્યા હતા.

તે દિવસની ખુશાલી નિમિત્તે [illegible] સમય શ્રીયુત **શાન્તિલાલ** શાહે ગુરુભક્તિ [illegible] મહારાજે એ પ્રસંગની મહત્તા સમજાવતી હતી. ત્યારબાદ પૂ૦ મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મહારાજ [illegible] આવી ખુશાલી તો ત્યારે જ [illegible] જીવનને મહાત્માની જેમ [illegible] જીવનને અલંકૃત બનાવો. ત્યારબાદ ઉત્તેજન આપતાં ઉપ[illegible] અનેક [illegible] થયા હતા [illegible] **શાન્તિલાલ રૂપચંદ** તરફથી [illegible] કરવામાં આવી હતી. [illegible] **પાર્શ્વનાથના** દેરાસરે **નંદીશ્વર દ્વીપની** પૂજા [illegible]પૂર્વક ભણાવવામાં આવી હતી. પૂજામાં શ્રીયુત **શાન્તિલાલ** શાહ [illegible] અપૂર્વ [illegible] હતી. [illegible] આજુબાજુ [illegible] **હીરાલાલ મણીલાલ** તરફથી [illegible] કરવામાં આવી હતી.

લાક્ષણિક શૈલીથી નૂતન [illegible] કર્યું હતું [illegible] ગાને આનામણુ ખુશ થયા હતા.

મનોવિનોદ

અત્રના (મહાડના) ચાતુર્માસ [illegible] પ્રતિ ઉપરાંત શાન્તિસ્નાત્ર મહોત્સવ [illegible] ઉજવાયા હતા તેમજ [illegible] મનોવિનોદ કર્યું હતું [illegible] કર્યું હતું જેમાં [illegible] લાના ભાઈશ્રી **અમૃતલાલ નાનચંદ મોદી** [illegible] હતા [illegible] વનાવિના કરવામાં આવી હતી.

[illegible]

ચાતુર્માસ પરિવર્તન

ચાતુર્માસ પરિવર્તન [illegible] **અમેરાજની** [illegible] નીકળેલ [illegible] સદ્ગુરુ મહારાજને [illegible] હતા. [illegible] પૂ૦ મુનિ [illegible] **મહિમાવિજયજી** મહારાજે "[illegible]" [illegible]

કા. વ. ૫ ની વહેલી સવારે શા. હાથીભાઈ ધલાભાઈની વિનંતિથી તેમના મનોરંજીવમમાં પધારતા વ્યાખ્યાન વિગેરે થયા હતા. ત્યાંથી શાન્તાક્રુઝ શા. મનુભાઈ પોપટલાલ પરશોતમદાસના બંગલે તેઓશ્રીની આગ્રહભરી વિનંતિથી સસ્વાગત પધાર્યા હતા. તેમના ગૃહાંગણે આલેશ વિશાળ મંડપમાં વ્યાખ્યાન, પુજા, ભાવના વિગેરે ખુબ ઠાઠમાઠપૂર્વક થયા હતા. ઝવેરી બાબુભાઈ નગીનચંદની મંડળીએ ખુબ ભક્તિરસની રેલમછેલ કરી હતી બાદમાં આવેલ ભાગ્યવાન તેમના તરફથી સાધર્મિકવાત્સલ્ય કરવામાં આવ્યું હતું આ પ્રસંગે પૂ. પંન્યાસજી મ. શ્રી પ્રેમવિજયજી ગણિવર આદિ પણ પધાર્યા હતા.

અત્રથી દાદર પધારતા સંઘે ભવ્ય સત્કાર કર્યો હતો. મહારાજશ્રી અત્ર મૌન એકાદશી સુધી રોકાયા હતા. અત્ર તેઓશ્રીના ગુરૂભ્રાતા પૂ. મુનિરાજશ્રી પદ્મવિજયજી મ. આદિ સાધુનો મેળાપ થતા ખુબ આનંદ અનુભવ્યો હતો. ત્યાં મૌન એકાદશીની આરાધના સારી થઈ હતી. વ્યાખ્યાન પ્રસંગે શેઠ હીરાલાલ મણીલાલ (દર્શનવચન) તરફથી સાકરના પડીકાની પ્રભાવના કરવામાં આવી હતી.

હીરાલાલભાઈના બંગલે

દાદરથી ધર્મપ્રેમી શેઠ હીરાલાલ મણીલાલના સુપુત્ર લલીતકુમારનો જન્મદિન હોઈ તેમની અત્યંત આગ્રહભરી વિનંતિથી માટુંગામાં આવેલ તેમના બંગલે બેન્ડ આદિ સામગ્રીથી ધામધૂમપૂર્વક પધાર્યા હતા. બંગલાની બાજુ જગ્યામાં વિશાળ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. મંડપને ધજા, પતાકા, વિગેરેથી સુશોભિત અને આકર્ષક બનાવવામાં આવ્યો

જનતા આવી પહોંચતા પૂજા, અષ્ટમહોત્સવ તથા સાધર્મિક ભક્તિ વિગેરે સુંદર કાર્યો થયા હતા. અંતે પૂ૦ પં૦ શ્રી હર્ષવિજયજી ગણિવર આદિ સાધુનો મેળાપ થયો હતો બન્નેના વ્યાખ્યાનો સાથે થતા વગર ગામના ઉપાશ્રય માટે ટીપ પણ સારી થવા પામી હતી

મોરબી પધાર્યા

અગાશીથી પોષ સુદ ૮ ના દિને વિહાર કરી પૂ૦ મહારાજશ્રી હડાળું, મોરવાડ વગેરે જનતાને પ્રતિબોધતા મોરબી મુકામે શેઠ રાયચંદ ગુલાબચંદ અજમેરીવાળાના બોર્ડીંગમાં પધારતા બોર્ડીંગના સુપરવાઇઝર ઇન્દુલાલ તથા ધાર્મિક શિક્ષક વાડીલાલ વગેરે સામે આવ્યા હતા અને આ દિવસની સ્થિરતા દરમ્યાન બોર્ડીંગના વિદ્યાર્થી સમક્ષ જાહેર પ્રવચન આપવામાં આવતા અનેકવિધ નિયમો થયા હતા

વાપી પધાર્યા

મોરબીથી વિહાર કરી અનેક સ્થળોએ જનતાને પ્રવચન સુધાનું પાન કરાવતા ક્રમસર વાપી પધાર્યા હતા ત્યાં મહારાજશ્રીની પખવાડીયાની સ્થિરતા થઇ હતી.

જન્મદિન નિમિત્તે

મહા સુદ ૭ ના તેમના સુપુત્ર ભાઇશ્રી લક્ષ્મીકાન્તનો જન્મદિન હોઇ વંદનાર્થે આવતા મુંબઇ નિવાસી શેઠ છોટાલાલ મણીલાલ (હરીશચંદ્ર) તરફથી પૂજા, આંગી ભાવનાદિ કાર્યો ખૂબ જ ઠાઠપૂર્વક થયા હતા. આ પ્રસંગે શાન્તિલાલ ઠા. ગરેથ આવેલ હોઇ જનતાની ઠઠ જામી હતી. "હરીશ-

કરમેલીયા પધાર્યા

અહિંથી કરમેલીયા પધારતા ગાંભોઈ, અડગામ, માતમ નોગામા, ગજુરેલા ટાકલ આદિ ગામોમાં જૈન-જૈનેતર પ્રજાને પ્રતિબોધતા કરમેલીયા મારિયા સાથ પધાર્યા હતા. પાંચ દિવસની સ્થિરતા દરમ્યાન બન્ને વખત વ્યાખ્યાન થતા અનેકવિધ નિયમો થયા હતા. ૮૧ આયંબિલનો ઉપદેશ આપતા શાહ **માણેકચંદ નાનચંદ** તથા **બાબુભાઈ હરખચંદભાઈ** તરફથી કરાવવામાં આવ્યા હતા. અને પૂજા **ચીમનાજીભાઈ** તરફથી ભણાવવામાં આવી હતી. અંતે શેઠ **ઉપયલાલ મણીલાલ** મુંબઈથી આવતા તેમના તરફથી આયંબિલ કરનારાઓને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. અંતે શ્રી સંઘના ખુબ જ આગ્રહથી સંભવનાથજીના જીનાલયમાં વૈ. સુ ૩ ના શુભ દિને શ્રી **શાન્તિનાથ** ભગવાનને પ્રતિષ્ઠિત કરવાનું નક્કી કરી તેઓશ્રી ઓળી પ્રસંગે ગાંભોઈ પધાર્યા હતા.

સિનોડામાં ઓળીની ભવ્ય ઉજવણી

શ્રી ગાંભોઈ સંઘની આગ્રહભરી વિનંતિથી પૂ. મહારાજશ્રી અનુસાર ઓળી પ્રસંગે પધાર્યા હતા. ઓળી તથા પારણા કરમેલીયાવાળા શાહ **ચુનીલાલ પુનમચંદ** તરફથી કરાવવામાં આવ્યા હતા. નવે દિવસ જુદા જુદા ગૃહસ્થો તરફથી આંગી, પૂજા, ભાવના ગોઠવાયાં આવ્યા હતા. ગવૈયા આવેલા તરફથી વિશેષ પ્રભુ ભક્તિ કરી હતી. કોઠારીયાથી આમંત્રણ આપેલ દેરુ ભરાવા પણ વેપારી આદિ આવ્યા હતા.

શ્રી મહાવીરસ્વામીનો જન્મદિન ઉત્સવપૂર્વક ઉજવાયો હતો

સુરતમાં ભવ્ય સ્વાગત

સુરતપુર પૂ૦ મુનિરાજ શ્રી મહિમાવિજયજી મહારાજની જન્મભૂમિ વળી તેઓ ત્યાંના સંઘના ગચ્છના અનુયાયીને સન્માન્ય, તેમાં વળી તેઓશ્રી નવ વર્ષના લાંબા ગાળા બાદ ત્યાં પધારતા હોઈ ત્યાંની જનતાનો ઉલ્લાસ અપૂર્વ જણાતો હતો. સુરતથી ત્યાંના કેટલાક આગેવાન ગૃહસ્થો વિનંતિ માટે આવતા તેમની વિનંતિનો સ્વીકાર થયો હતો. કરંબડીવાના પ્રસ્થાનો ભવ્ય મહોત્સવ ઉજવી પૂ૦ મહારાજશ્રી આદિ સુરત પધારતા સગરામપુરાના કેટલાક આગેવાન ગૃહસ્થો દરવાજા બહાર સામે આવ્યા હતા. ઉપાશ્રયે આવ્યા બાદ ટૂંકમાં માંગલિક પ્રવચન સંભળાવ્યું હતું. અત્રેથી લગભગ નવ વાગે એક ભવ્ય સામૈયું ચઢાવવામાં આવ્યું હતું. જેમાં ગાજતે વાજતે ડ્રેસમાં સજ્જ થયેલા સાજનીઓની પુષ્પાંજલિ ૭ બાળાગાળીઓ સુંદર સારી રાગી સંગીતની લહેરો લહેરાવતા વિવિધ ડ્રેસમાં સજ્જ થયેલા ચાર પાંચ મોટા બેન્ડ, તથા સુરતનું પ્રખ્યાત રેઝાક બેન્ડ, સૌના વદનને ઝીલી ધર્મલાભનો આશીર્વાદ આપતો મુનિ સમુદાય, વિશાળ શ્રાવક મહાજન, શ્રાવીકા મહાજન, તથા મંગળગીતોને ગાતો સ્ત્રી સમુદાય આદિ હોઈ સામૈયાની શોભા ખૂબ આકર્ષક બનવા પામી હતી.

આ પ્રસંગે ત્યાં ભૂતકાળના તપસ્વીજી મુનિરાજ શ્રી હિમાંશુવિજયજી મહારાજ, મુંબઈથી આવેલ શેઠ હીરાલાલ મણીલાલ તેમ નવસારી વગેરેથી આવેલ અન્ય સદ્ગૃહસ્થોની હાજરી તરી આવતી હતી. સામૈયું નવસારી બજાર, ગોપીપુરા, માનસેર, ખપાટિયા ચકલા, કેશુકીડી, નાણાવટ, વડચૌટા

વાતાવરણ જામ્યું હતું. સુરતના ઝવેરી **બાબુભાઇ પ્રેમચંદ** તરફથી લગભગ ચારસોની સંખ્યામાં આદેય ૭૦૦ આનું સ્વામી-વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. પૂ૦ મુનિરાજશ્રી **પદ્મવિજયજી** મહારાજે સુંદર પ્રવચન કર્યું હતું. આ પ્રસંગે અનેક જણાએ નાના મોટા નિયમો ગ્રહણ કર્યા હતા. ભાવનગરવાળાઓની અંતરની આગ્રહભરી વિનંતિથી એક દિવસ વધારે ત્યાં રોકાયા હતા. ત્યાં પણ વ્યાખ્યાન, પ્રભાવના, પૂજા, વિગેરે ધાર્મિક કાર્યો ખૂબજ ઠાઠપૂર્વક થયા હતા. ત્યાંથી ગોપીપુરાના ઝવેરી **શાંતિચંદ નાનુભાઇની** વિનંતિથી તેમને ઘેર પધાર્યા હતા. ત્યાં વ્યાખ્યાન બાદ તેમના તરફથી પ્રભાવના વિગેરે થયા હતા. ત્યારબાદ **હુકમમુનિજીના** ઉપાશ્રયમાં એક દિવસ વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ મહારાજશ્રીને વાપીના ચાતુર્માસ માટે જવાની ઉતાવળ હોવા છતાં પૂ૦ સાધ્વીજીશ્રી **તારાશ્રીજી** મ.ના કાળધર્મ નિમિત્ત શાન્તિસ્નાત્ર મહોત્સવ પ્રસંગ રોકાવા માટે પોરવાડ સંઘના આગેવાનો સુખડીયા **સુરચંદ હીરાચંદ** આદિની વિનંતિ થતા રોકાયા હતા. શાન્તિસ્નાત્ર બાદ મહારાજશ્રીને ત્યાંથી તરત જ આગળના વિહાર કરી સચીન તરફ વિહાર લંબાવ્યો હતો. આ પ્રસંગે જનતાની વિશાળ સંખ્યા તેમને વિદાય આપવા માટે સગરામપરા સુધી આવી હતી. જ્યાં મહારાજશ્રીએ ટૂંકમાં દેશના સંભળાવી હતી તો કોઇ પૂ૦ મુનિરાજશ્રી **મહિમાવિજયજીની** સરળતા, સૌને ધર્મ પમાડવાની સુંદર ધગશ, યુવાનોને પ્રતિબોધ કરવાની કુશળતા, આદિ ગુણોને યાદ કરતા અશ્રુભીના નેત્રે પાછા ફર્યા હતા.

ઓળી આ ચાતુર્માસમાં કરી હતી. મુનિ શ્રી **વિનયવિજયજી** મ. એ **દોઢમાસની** તપશ્ચર્યા શરૂ કરવાના ઇરાદાથી આ વ ૭ના દિને આજ ઉપવાસનું પચ્ચખ્ખાણ કર્યું હતું. મુંબઈથી ધર્મપ્રેમી શેઠ **હીરાલાલ મણીલાલ** (લલીતપાર્શ્વ) વંદનાર્થે આવતા તેમના તરફથી વર્ધમાન તપનો પાયો નાખનારને એક રૂપિયાની અને છુટી ઓળી કરનારને આઠ આનાની તેમ નવકારમંત્રનો તપ કરનારને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. શા. **અમરચંદ મોતીચંદ** તરફથી પંચરંગી તપવાળાને પારણાં કરાવવામાં આવ્યા હતા.

સાધ્વીજી શ્રી સુવ્રતાશ્રીજી આદિ ઠાણા ચાર આ ચાતુર્માસ હોઈ બાઈઓમાં પણ જાગૃતિ સારી થવા પામી હતી. સાધ્વીજી શ્રી સુભદ્રાશ્રીજીએ ૬૪મી ઓળી કરી હતી. તથા સાધ્વીજી શ્રી ગાભંકરાશ્રીજીએ પાંચ ઉપવાસ આદિ ચતુર્વિધ સંઘમાં અનેકવિધ તપશ્ચર્યાઓ થવા પામી હતી. વર્ધમાનતપના તપસ્વીઓને શા. **પુનમચંદ જગરૂપજી** તરફથી પારણાં કરાવવામાં આવ્યા હતા તથા તપસ્વીઓના તરફથી પૂજા ભણાવવામાં આવી હતી. મુંબઈના ઝવેરી **બાબુભાઈ પ્રેમચંદ** વંદનાર્થે આવતા તેમના તરફથી વર્ધમાનતપના પાયા નાખનારને શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી તથા મુંબઈના શેઠ **પન્નાલાલ** તરફથી વ્યાખ્યાનમાં શ્રીફળની પ્રભાવના કરવામાં આવી હતી. શ્રાવણ સુદ ૧ના લલીતપાર્શ્વવાળા શેઠ **હીરાલાલ મણીલાલ** સહકુટુંબ આવતા પંચરંગી તપવાળાને અનુક્રમે ૩-૨-૧ રૂપિયાની પ્રભાવના તેમના તરફથી કરવામાં આવી હતી.

હતા. બપોરના પટ સમક્ષ નવ્વાણું પ્રકારની પૂજા ભણાવવામાં આવી હતી. લોનાવલાથી શા. રમણીકલાલ આવેલ હોઈ પૂજામાં અપૂર્વ રંગ જામ્યો હતો. મુંબઈથી આ પ્રસંગે શેઠ હીરાલાલ મણીલાલ, શા. જયંતિલાલ ઉમેદાકર વિગેરે આવ્યા હતા. શા. કાન્તિલાલ ઝવેરચંદ તરફથી યોજાએલ સાધર્મિક વાત્સલ્યનો લાભ સૌએ લીધો હતો. ચાતુર્માસમાં કરેલ ઉપકાર બદલ પૂ૦ મુનિરાજશ્રીનો શા. ગુલાબચંદ ગંગારામે તથા શા. ગુલાબચંદ મુળચંદે સંઘ તરફથી આભાર વ્યક્ત કર્યો હતો.

અમાપ ઉત્સાહ વચ્ચે ઉજવાયેલ માલારોપણ મહોત્સવ

પૂજ્ય મહારાજશ્રીની નિશ્રામાં ઉપધાનતપની નિર્વિઘ્ને પૂર્ણાહૂતિ થતાં દહેરાસર આગળ બાંધવામાં આવેલ વિશાળ મંડપમાં માગશર સુદ-૫ના રોજ ૬૩ સ્ત્રી-પુરુષોને જનતાના અમાપ ઉત્સાહ અને ઉમંગ વચ્ચે માળારોપણનો વિધિ પૂજ્યશ્રી હાથે કરાવવામાં આવ્યો હતો. તે નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવની શરૂઆત થતાં દરરોજ વિવિધ પૂજાઓ તથા રોજ ભવ્ય અંગરચનાઓ કરવામાં આવી હતી. માગ. સુ. ૪ના રથયાત્રાનો ભવ્ય વરઘોડો કાઢવામાં આવ્યો હતો. જેમાં નવીન બગ્ગીઓ, ૨૫ ઘોડાગાડી તથા મોટરો, વિશાળ સાજન મહાજન, ઉદ પાઈપબેન્ડ રંગબેરંગી માણસો સાથે સંઘ ચાલતો નારી સમુદાય જનતાના નમસ્કારને ઝીલતો વિશાળ સાધુ સાધ્વી સમુદાય આદિ હોઈ વરઘોડાની શોભા અપૂર્વ થવા પામી હતી.

બપોરના શાન્તિસ્નાત્ર ઠાઠથી ભણાવવામાં આવ્યું હતું. તે દિવસે સ્વ. શેઠ ખીમચંદ કેશુરજી તરફથી સંઘ જમણ કરવામાં

મહારાજ તથા આ[illegible] આચાર્ય મહારાજ[illegible] વિજય **જંબુસૂરીશ્વરજી** મહારાજ [illegible] સાથે સમતાર પધાર્યા હતા.

વાપીથી વિહાર

મૌન[illegible] [illegible] દામ્જા વિહાર કરી [illegible] **છગનલાલ પ્રમનદની** [illegible] વિનંતિથી [illegible]

[illegible] કર્યાથી [illegible] મહારાજ શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી** [illegible] આચાર્ય [illegible] **જંબુસૂરીશ્વરજી** [illegible] પણ તેમની વિનંતિથી [illegible] પ્રતિમા પણ [illegible] મહોત્સવ કરવામાં આવ્યો હતો [illegible] પૂ૦ આ૦ મ૦ શ્રી વિજય **જંબુસૂરીશ્વરજી** મહારાજ [illegible] પૂ૦ મ૦ શ્રી **પ્રવીણવિજયજી** મહારાજ [illegible] ઉપર [illegible] વિવેચન કર્યું [illegible] વિહાર કરી [illegible] **તારાચંદ ખીમચંદ** [illegible] આચાર્ય મહારાજે પૂ૦ [illegible] ભાગ્યશાળી શ્રી [illegible] સ્વાગત કર્યું હતું [illegible] શ્રી શાહ **તારાચંદ ખીમચંદ** [illegible] આપ્યા હતા.

પદ્મવિજયજી મ૦ના વ્યાખ્યાનો થતા હતા અને ધર્મ જાગૃતિ સારી થવા પામી હતી.

વટાદરાથી વિહાર કરી મહા સુદ ૫ ના પુજ્યપાદ **આચાર્યદેવેશના** [illegible] ખંભાત પધાર્યા હતા. આમ પૂ૦ પં૦ શ્રી **વિક્રમવિજયજી** ગણિવર આદિ ઠાણાના આવવાથી અપૂર્વ આનંદ પ્રગટ્યો હતો. પૂ૦ **આચાર્યદેવેશના** દર્શન-વંદનને માટે ઘણા વર્ષે [illegible] થયા હતા.

લક્ષ્મીકાન્તનો જન્મદિન

મહાસુદ [illegible] ના દિને શા૦ **છોટાલાલ મણીલાલ** [illegible] સુપુત્ર **લક્ષ્મીકાન્તના** જન્મદિન નિમિત્તે [illegible] દેવદ્રવ્ય આદિ વિશાળ [illegible] તરફથી સ્થંભણ **પાર્શ્વનાથ** [illegible] ભાવના, ભવ્ય અંગરચના આદિ [illegible] થયા હતા. [illegible] **શાન્તિલાલ** શાહ તથા માસ્તર **વસંત** આદિ [illegible] અપૂર્વ રમઝટ જમાવી હતી. [illegible] પાવલીની પ્રભાવના કરવામાં આવી હતી.

ખંભાતથી વિહાર

પૂ૦ પંન્યાસજી મહારાજ આદિ [illegible] ગુરુદેવની સાથે વિહાર કરી [illegible], રાળજ [illegible] પધાર્યા હતા. દરેક સ્થળે [illegible] પૂ૦ **પન્યાસજી મહારાજના** તથા પૂ૦ પં૦ શ્રી **વિક્રમવિજયજી** ગણિવરના વ્યાખ્યાનો થતા જનતામાં ધર્મ જાગૃતિ સારી થવા પામી હતી. [illegible] એકેક દિવસની [illegible]

વિનંતિ કરવા આવી પહોંચ્યો હતો. ડભોઈ એટલે પૂ૦ ઉપાધ્યાયજી શ્રી **જયંત** વિ. ગણીવરની જન્મભૂમિ. વળી દીક્ષિત થયા પછી તેમનું પણ પ્રથમ જ આગમન, એટલે તેમના સંસારી ભ્રાતા **હીંમતલાલ ફુલચંદ** આદિ જનતા પધારવા માટે તેરશીરથી વિનંતિ કરવા આવ્યા હતા. પૂ૦ આચાર્ય દેવેશનું પણ ઘણા વર્ષે ડભોઈ પધારવું અને તેઓશ્રીના નવાના અખંડ ઉપાસક પૂ૦ ઉપાધ્યાયજી મહારાજનું પણ પોતાની જન્મભૂમિમાં પધારવું આમ સોનામાં સુગંધના જેમ, સુંદર સંયોગ મળ્યો હોઈ ત્યાંના શ્રીસંઘે અપૂર્વ અને અદ્ભુત સામૈયું કરી જૈન શાસનની અપૂર્વ શોભા વધારી હતી. પૂ૦ ગુરુદેવેશની સેવામાં પૂ૦ આચાર્ય મહારાજશ્રી **ભુવનતિલક-સૂરિજી** મ૦ પૂ૦ ઉપાધ્યાયજી શ્રી **જયંતવિજયજી** મ૦ પૂ૦ પં૦ શ્રી **પ્રવીણવિજયજી** મ૦ પૂ૦ પં૦ શ્રી **વિક્રમ-વિજયજી** મ૦ પૂ૦ મુનિરાજ શ્રી **પદ્મવિજયજી** મ૦ તથા પૂ૦ મુનિરાજ શ્રી **મહિમાવિજયજી** મ૦ આદિ બહોળા શિષ્યપરિવાર હોઈ જનતામાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટ્યો હતો

છાણીના ચાતુર્માસનો સ્વીકાર

છાણીમાં ચાતુર્માસ પધારવાની વિનંતિ અર્થે ત્યાંથી શ્રી સંઘના આગેવાનો શા. **નગીનદાસ મોતીલાલ**, શાહ **સોભાગચંદ નગીનદાસ** તેમ અન્ય આગેવાન સદ્ગૃહસ્થો ડભોઈ આવ્યા હતા. તેમની અત્યંત આગ્રહભરી વિનંતિથી તથા લાભાલાભને ધ્યાનમાં લઈ પૂ૦ શ્રીએ ત્યાં પધારવા માટે નરમાશ દશ હા ભણી હતી. પૂ૦ પંન્યાસજી મહારાજશ્રી **પ્રવીણવિજયજી** મહારાજે પણ, પૂ૦ મુનિરાજશ્રી **મહિમા-**

રાજપીપલા

રાજપીપલાના મેજીસ્ટ્રેટ ફકીરભાઇ આદિ વિનંતિ અર્થે મોતીર આવ્યા હતા. તેમની વિનંતિનો સ્વીકાર કરી પૂજ્યશ્રી સાથે પૂ૦ પંન્યાસજી મ. આદિ રાજપીપલા સમત્કાર પધાર્યા હતા. અત્રે પૂજા પ્રભાવના, નવકારશી, જમણ, જાહેરભાષણ વગેરે થયા હતા. ત્યાની જનતામા ધર્મ પ્રત્યે લાગણીમા અપૂર્વ વધારો થયો હતો. આયંબિલની ઓલી પ્રસંગે મુનિ મહારાજને રોકવા માટે આગ્રહ થતા પૂ૦ ગુરૂદેવેશ્રી પૂ૦ મુનિરાજશ્રી પદ્મવિજય મ.ને તથા પૂ૦ અમરેન્દ્ર વિ૦ મ.ને રહેવા માટ આજ્ઞા ફરમાવી હતી.

કાવીઆ તીર્થમાં

પૂજ્યશ્રી આચાર્યદેવેશ વિશાળ પરીવાર સાથે મનત્કાર કાવીઆ તીર્થમાં પધાર્યા હતા. ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીરપ્રભુનું જન્મ કલ્યાણક અત્રે ધામધૂમથી ઉજવવામા આવ્યુ હતું. તેઓશ્રીના જીવન પ્રસંગોને પૂ૦ પં. શ્રી પ્રવીણવિજયજી મહારાજ, પૂ૦ પં. શ્રી વિક્રમવિજયજી ગણીવર તથા પૂ૦ પં. શ્રી મેરૂવિજયજી ગણીવરે, તથા રાજપાલ મગનલાલ વોરા આદિએ સારી રીતે વર્ણવ્યા હતા ત દિવસે વાપીવાના શા. છગનલાલ પ્રેમચંદ તરફથી આંગી, પૂજા, પ્રભાવના રાખવામા આવ્યા હતા.

નરેશકુમારનો જન્મદિન

ચૈત્ર વદી-૫ના બાબુશ્રી નરેશકુમારનો જન્મદિન હોઈ મુંબઈથી શેઠ ઉત્તમલાલ મણીલાલ આદિ કાવીઆ મહારા-

પર્યુષણ પર્વની આરાધના

પૂજ્યપાદ આચાર્યદેવેશની પવિત્ર નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના ખૂબ જ સુંદર થવા પામી હતી. આરાધના માટે બહારગામથી પણ ભાવિકો આવ્યા હતા શ્રા વ. ૧૪ના શા. **ચંમનલાલ નગીનદાસ**, કલ્પસૂત્રને પોતાના ગૃહાંગણે લઈ જઈ રાત્રિજાગરણ કર્યું હતું. વરઘોડો પણ ઠાઠથી કાઢવામાં આવ્યો હતો. પારણું તથા સુપનની આવક પણ સારી થવા પામી હતી. જન્મ વાચન બાદ શા. **ચુનીલાલ માણેકલાલ** તરફથી ઠાઠપૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી. ભા. સુ. ૪ના ચૈત્યપરિપાટીનો વરઘોડો ચઢેલ. ભા. સુ. ૬ ના શા. **હંસરાજ કાન્તિલાલ** તરફથી પર્યુષણપર્વની પૂર્ણાહુતિ તથા અક્ષયનિધિ તપ નિમિત્તે ભવ્ય વરઘોડો ચઢાવવામાં આવ્યો હતો. સાંજના શેઠ **હીરાલાલ મણીલાલ** (સ્વીનાબધર્સ) તરફથી સ્વામી-વાત્સલ્ય કરવામાં આવ્યું હતું. તપસ્યા પણ ૧૧ દશ, ૭ દશ ૨૦ આઠ આદિ સારી સંખ્યામાં થઈ હતી. તેમાં ખાસ યુવાન તથા નાના બાલબાલિકાઓની તપશ્ચર્યા ધ્યાન ખેંચનારી હતી.

પૂ૦ મુનિ શ્રી કલ્યાણવિજયજી મહારાજે નવ ઉપવાસ પૂ૦ મુનિશ્રી ભદ્રંકરવિજયજીએ અઠ્ઠાઈ તથા સાધ્વીજી સમુદાયમાં પણ તપશ્ચર્યા સારા પ્રમાણમાં થવા પામી હતી

ભા. વ. ૧૨

ભા. વ. ૧૨ ના પૂ૦ શ્રુતિમાં સંયમ મુનિરાજ શ્રી મહિમા વિ. મહારાજ સંયમ અને ત્યાગની વધુ નિર્મળ આરાધના કરે તેવી શુભ ભાવનાથી જેઠમાં મંગળ વર્ષમાં પ્રવેશ કરતાં

જણાવ્યું હતું કે, આજનો આ જલસો મહિમાવિજયજીને આભારી ગણાય. જેમણે વૈભવ વિલાસોનો ત્યાગ કરી, ભર યુવાન વયે ચારિત્રગ્રહણ કરી, સુરતની સહેલને છોડી ત્યાગ મહેલમાં વસવાનું પસંદ કરી મહારાષ્ટ્ર-ગુજરાત આદિ દેશોમાં વિચરી અનેકોને ધર્મનો મર્મ સમજાવી, સદ્દગતિના ભાગી બનાવવા અથાગ પ્રયત્ન કર્યો છે. તેમના ઉપદેશથી ઉપકૃત થયેલો ભક્તગણ તે ઉપકારની સ્મૃતિના પ્રતીક તરીકે, તેમના જન્મદિને આવો ધાર્મિક જલસો કરે તો એમાં મને કંઇ અનુચિત લાગતું નથી. ઉલટું આવા પ્રસંગોથી ગુરૂઓનું ગૌરવ વધતું રહે છે. વિગેરે જણાવતાં જનતામાં ખુબ આનંદની ઉર્મીઓ ઉલટી હતી.

ત્યારબાદ પૂ૦ પન્યાસજી મહારાજે પુસ્તના પ્રકારની સમજ આપી હતી. અંતે પૂ૦ પં૦ શ્રી વિક્રમવિજયજી ગણીવરે આ પ્રભાવકની વ્યાખ્યા સમજાવી મુનિરાજશ્રી મહિમાવિજયજી જ્યું જગતને ધર્મ પમાડવાની કળાને ધારણ કરનાર હોય તેઓને પણ પ્રભાવક ગણી શકાય. વગેરે પ્રસંગને અનુરૂપ સુંદર વ્યાખ્યાન રજુ કર્યું હતું.

વ્યાખ્યાન બાદ શેઠ છોટાલાલ મહુલાલ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

<u>નવપદ આરાધન</u>

આસો માસની શાશ્વતી ઓળીનું આરાધન મુંબઈ નિવાસી શેઠ છોટાલાલ મણીલાલના તરફથી કરાવવામાં

પન્યાસ પદાર્પણ નિમિત્તે ઉજવાયેલ અભૂતપૂર્વ મહોત્સવ

માગશર સુદ-૬ નો દિવસ એ ખરેખર છાણીમાં ઉજવાયેલ અનેક ધર્મ મહોત્સવોમાં અભૂતપૂર્વ હોઇ ચીરસ્મરણીય બન્યો છે. આજનો દિવસ એટલે પૂ૦ મુનિરાજશ્રી **પદ્મવિજયજી** મ. પૂ૦ મુનિરાજશ્રી **મહિમાવિજયજી** મ. તથા પૂ૦ મુનિરાજશ્રી ભદ્રંકર વિજયજી મ ને પન્યાસ પદથી વિભૂષિત કરવાનો શુભ દિન.

ઉદારદિલ શ્રી સોભાગભાઇ

પૂ૦ મુનિરાજશ્રી **મહિમાવિજયજી** મહારાજ પ્રત્યેના ભક્તિ-ભાવને સફલ કરવાના શુભ હેતુથી તેઓશ્રી દ્વારા ધર્મ માર્ગમાં સ્થિર થયેલા ભાઇશ્રી **સોભાગચંદભાઇ નગીનદાસે** આ મહોત્સવને ખુબજ આકર્ષક અને રોનકદાર બનાવવા માટે તેમણે અત્યંત કાળજી રાખી હતી. એટલુ જ નહિ પણ તેમણે તથા તેમના પિતાશ્રી **નગીનદાસ મોતીલાલ** આદિ સારાએ કુટુંબે તન, મન અને ધનનો ઉદાર દીલથી ઉપયોગ કર્યો હતો જે તો કોઇ માટે અતિ પ્રશંસનીય ગણી શકાય.

ભવ્ય મહોત્સવ

પદાર્પણના નિમત્ત થયેલા દિન પહેલા અગાઉથી શ્રી શાંતિનાથ ભગવાનના ભવ્ય જિનાલયમાં અઠ્ઠાઇ મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો, આ પ્રસંગે આ મહોત્સવને વિશેષ વિભૂષિત કરનાર શ્રી નવપદજીનું ઉજમણું પણ તેમના તરફથી કરવામાં આવ્યું હતું.

ઉપકરણો વિગેરે જોઈ આજે નહિ તો કાલે જરૂર સંયમ સ્વીકારવું જોઈએ એવા જનઉદ્ગારો ઉદ્ગમ થતા સંભળાતા હતા. બન્ને રચનાઓને જોવાને માટે જૈન-જૈનેતરની મોટી મેદની ઉમટી આવતી હતી.

આમંત્રણ પત્રિકા

બહારગામથી સાધર્મીભાઈઓને આ પ્રસંગે પોતાના આંગણે પધારવા માટે મોટી સંખ્યામાં આમંત્રણ પત્રિકાઓ મોકલવામાં આવી હતી. જેથી માગશર સુદ-૧થી બહાર ગામોના મહેમાનોનું આગમન શરૂ થઈ ગયું હતું. તે ઉત્તરોત્તર પાંચમ સુધીમાં લગભગ પાંચ હજારની મોટી સંખ્યાએ પહોંચ્યું હતું.

ગંદર વ્યવસ્થા

બહારગામથી પધારેલ ધર્મપ્રેમી મહાનુભાવોને ઉતરવા માટે અનેક સ્થળો તૈયાર રાખવામાં આવ્યા હતા. શ્રી સંઘના આગેવાનો તથા વોલીન્ટીયર ભાઈઓએ ખડેપગે વ્યવસ્થા સાચવી હતી.

જલયાત્રાનો ભવ્ય વરઘોડો

માગશર સુદ ૫ ના બપોરના જલયાત્રાનો તથા માળારો-પણનો એક ભવ્ય વરઘોડો ચડાવવામાં આવ્યો હતો. જેમાં બે હાથીઓ, બે રથો, બે બેન્ડો, પરાનેક ઉપરાંત સાબેલાઓ, ૫૦ આચાર્ય ભગવન્ત આદિ મુનિવરો, વિશાળ સાધ્વીસમુદાય, લગભગ સાત હજારની વિશાળ માનવ-મેદની, મસ્તક ઉપર કળશને સાથી શ્રાવિકાઓ આદિ અનેક વિધ સામગ્રી દેતા જૈન-જૈનેતરો વિશાળ સંખ્યામાં જોવા ઉમટ્યો હતો. આ

સકળ સંઘે અક્ષતથી વધાવી લીધા હતા. દિગ્બંધન સમયે તેમના નામ સ્થાપન કરતા પંન્યાસજી શ્રી પદ્મવિજયજી ગણિને પૂ૦ આચાર્ય મ. ના શિષ્ય તરીકે, પં. શ્રી મહિમાવિજયજીને પૂ૦ પં. મ. પ્રવીણવિજયજી ગણિના શિષ્ય તરીકે, અને પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિને આચાર્યશ્રી ભુવનતિલકસૂરિજી મ. ના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા.

માળારોપણ ક્રિયા

પદાર્પણની ક્રિયા થયા બાદ તુરત જ ચુનીલાલ માણેકલાલના સુપુત્રો તરફથી કરાવવામાં આવેલ ઉપધાન તપ પૂર્ણ થતાં માળારોપણની ક્રિયા પણ તે જ દિવસે હોઈ પૂજ્ય આચાર્યદેવના વરદ હસ્તે તેની પણ ક્રિયા કરાવવામાં આવી હતી. અને માળારોપણ કરવામાં આવ્યું હતું.

પહેલી માળ રૂા. ૧૭૦૧) બોલી શાહ હંસરાજ કાન્તિલાલના ધર્મપત્ની દમયંતી બેને પહેરી હતી. જ્યારે બીજી માળ ૧૦૦૧) રૂા. બોલી શે. બાબુભાઈ ગીરધરલાલના ધર્મપત્ની ઈન્દુમતીએ અને ત્રીજી માળ ૬૦૧) રૂા. બોલી શાહ ભીખાભાઈ જેચંદના તેર વર્ષની ઉંમરના ભાઈ કુમુદચંદ્રે પહેરી હતી. ત્યારબાદ અનુક્રમે સૌને માળ પહેરાવવામાં આવી હતી. આ વખતે પણ જ હર્ષોલ્લાસ પ્રગટ થતા જાણ્યો હતો.

ઉપધાન તપમાં લગભગ પંદરેક બાલ-બાલિકાઓ પણ ઉમંગભેર તપની આરાધના કરતા હોઈ સૌ કોઈને આશ્ચર્ય મુગ્ધ બનાવી રહ્યા હતા.

શકયા ન હતા તેમના તારો તથા ટપાલ આવ્યા હતા. જે સભામાં વાંચી સંભળાવવામાં આવ્યા હતા

હિતશિક્ષા

પૂ૦ આચાર્ય દેવેશે નૂતન પન્યાસોને પોતાના પદની જોખમદારીનું ભાન કરાવી યોગ્ય હિતશિક્ષા પાળી પદવીને શોભાવો એવો આશીર્વાદ પાઠવ્યો હતો.

શાસનપ્રભાવનાના કાર્યોની નોંધ

આ પવિત્ર અને યાદગાર પ્રસંગે પૂ૦ મુનિરાજશ્રી મહિમા વિ. મ. દ્વારા પ્રતિબોધ પામેલા ભક્તો તરફથી કરવામાં આવેલા શાસનપ્રભાવનાના કાર્યોની ટૂંક નોંધ.

૧. શા૦ નાનચંદ જુઠાભાઈ તથા સુરતીઓ તરફથી જુદી જુદી ભવ્ય ચાર રચનાઓ.

૨. ઝવેરી મોતીચંદ હીરાચંદ તરફથી પન્યાસપદવી બાદ શ્રીફળની પ્રભાવના.

૩. આખા ગામમાં તમામ જૈન-જૈનેતરોને ઘર દીઠ શેર શેર સાકરના પડીકાની પ્રભાવના.

૪. દર વર્ષે આ. સુ. ૬ ના દિને સુરતમાં જીવો છોડાવવા માટે ૧૦૦૦) રૂપીયા સુરતવાલા તેમના સંબંધીઓ તરફથી વ્યાજે મૂકવામાં આવ્યા.

૫. આબાલ ગોપાળ સૌ કોઈને પ્રભુભક્તિમાં તલ્લીન બનાવવા માટે આ. સુ. ૫ તથા ૬ એમ બે દિવસ માટે માસ્તર વસંતલાલ તથા શ્રીયુત શાંતિલાલ શા૦ એમ બે

થતાં. પૂ૦ પં. શ્રી. વિક્રમવિજયજી ગણી તથા પૂ૦ પં. શ્રી પ્રવીણવિજયજી ગણિએ તથા પૂ૦ આચાર્યદેવે સુંદર પ્રકાશ પાડ્યો હતો. જનતાએ વિશાળ સંખ્યામાં લાભ ઉઠાવ્યો હતો.

યોગની પૂર્ણાહુતિ

પૂ૦ પં. શ્રી મહિમાવિજયજી મહારાજને ભગવતીજીના જોગની પૂર્ણાહુતિ નિમિત્તે પાન્સું દ્રાર્ફ મામાની પોળના સંઘનો ખુબ આગ્રહ હોઇ પૂ૦ આચાર્યદેવે તેનો સ્વીકાર કરી જતી ઝીરીના અગ્રેસરો મા. કેશરીમલજી આદિનો આગ્રહ થતાં પોષ સુદ ૧૫ ના પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરીશ્વરજી મહારાજ તથા પૂ૦ આચાર્ય મ. શ્રી લાવણ્યસૂરીશ્વરજી મહારાજ આદિ વિશાળ સમુદાય સાથે પધાર્યા દરબાર બેન્ડ સાથે ભવ્ય પ્રવેશ કરાવ્યો હતો. મંગલાચરણ બાદ બન્ને આચાર્ય મહારાજના વ્યાખ્યાન થતા મંડપમાં ખુબ હર્ષની લાગણી પ્રસરી હતી

મામાની પોળમાં

પોષ વદ ૨ દિને મામાની પોળમાં પધારેલા પૂ૦ આચાર્યદેવના મંગલાચરણ બાદ આચાર્ય મ. શ્રી લાવણ્યસૂરીશ્વરજી મ. ના, પૂ૦ પં. શ્રી પ્રવીણવિજયજી ગણીના તથા પૂ૦ પં. શ્રી વિક્રમવિજયજી ગણીના, પૂ૦ પં. મ. શ્રી દક્ષવિજયજી ગણી તથા પૂ૦ પં. મ. શ્રી સુશીલવિજયજી ગણીના વ્યાખ્યાનો થયા હતા. પૂ૦ પં. શ્રી મહિમાવિજયજી મહારાજ શ્રીની પૂર્ણાહુતિ થતાં ૮ રજના દિને ગઢ ઉત્સાહ મહો-

બન્ને પન્યાસજી મહારાજોએ તેમના જીવન ઉપર સુંદર પ્રકાશ પાડ્યો હતો. તે દિવસે તેમ બીજે દિવસે પૂ૦ પન્યાસજીશ્રી પદ્મવિજયજી મ૦ ની જોગની પૂર્ણાહુતિ થતાં હીરાબેન તરફથી પૂજા તથા પ્રભુજીને અંગરચના કરવામાં આવી હતી.

માતરે પધાર્યા

બોરસદથી પેટલાદ વિગેરે થઈ તેઓશ્રી માતરે પધાર્યા હતા. અત્રે શેઠ ડાહ્યાલાલ મણીલાલ (હસીનવધર્મ) મુબારક પધારતાં અત્રેના સંઘમાં ઘરદીઠ અર્ધોશેર સાકરના પડાની લ્હાણી કરવામાં આવી હતી. તથા પાઠશાળાના વિદ્યાર્થીઓને બે આનાની પ્રભાવના કરવામાં આવી હતી. ત્યાંથી તેઓશ્રી ખેડા પધાર્યા હતા. અત્રે પૂ૦ પં. મ. નું તથા મુનિ શ્રી કીર્તિપ્રભ વિ. (જ્ઞાનપ્રીતી) મહારાજનું વ્યાખ્યાન થયું હતું. ત્યાંથી બારેજા પધારતાં પૂ૦ મુનિરાજશ્રી સુમિત્ર વિ. મ૦ આદિનો મેળાપ થયો હતો.

સાણંદ પધાર્યા

અત્રેથી વિહાર કરી પૂ૦ મહારાજશ્રી બારેજા, કાનુદરા થઈ ગોરિયા પધારતાં સાણંદથી મોટર-દ્વારા પરમાનંદ સહકુટુંબ દર્શને આવી પહોંચ્યા હતા. સાણંદ પધારતાં મહારાજશ્રી ઘણાં વર્ષે આવતા હોઈ સંઘના ઘણાંજ માણસો આવી પહોંચ્યા હતા. અને સુંદર સ્વાગત કર્યું હતું. શેઠ અમરચંદ સુખલાલ તરફથી પ્રભાવના થઈ હતી. અત્રે દોઢ દિવસની સ્થિરતા દરમ્યાન વ્યાખ્યાન વિગેરે થતા અને સંઘમાં સુંદર ધર્મની જાગૃતિ આવી હતી. વિશેષ રોકાવા માટે વિનંતિ થતાં પૂ૦ શ્રી જીની આજ્ઞા ઉપર રાખી અમદાવાદ વિહાર લંબાવ્યો હતો.

હતા. શ્રીયુત્ શાંતિલાલ શાહ આદિ કલાકારો આવેલ હોઇ ભક્તિરસમાં અતિ રમઝટ જામી હતી. શેઠ ચુનીલાલ પદમશી, શેઠ અમરચંદ સુખલાલ, મહેતા કાન્તિલાલ રાયચંદભાઇ, શા. ભોગીલાલ માણેકચંદે આવનારાઓની સ્વામીભક્તિ સુંદર બજાવી હતી. રાગજી ચોમાસીની પણ સુંદર આરાધના થઇ હતી.

માતરની પ્રતિષ્ઠા માટે વિનંતિ

અત્રે અમદાવાદથી માતરમાં વૈશાખ સુદ ૫ ની માંઆ સુમતિનાથ ભગવાનના જિનાલયમાં મેરુ ઉપર પ્રતિષ્ઠા હોઇ પૂ૦ આચાર્ય દેવેશનો પત્ર લઇ શેઠશ્રી નરેશભાઇ તથા શેઠ રમણલાલ તથા શા. અમૃતલાલ હાજી આદિ આગેવાનો આવતા ત્યાં પધારવાની વિનંતિ કરવામાં આવતા વિનંતિનો સ્વીકાર કરવામાં આવ્યો હતો.

માતર પ્રતિષ્ઠા નિમિત્તે પધાર્યા

આબુથી વિહાર કરી પૂજ્ય મહારાજશ્રી અમદાવાદ થઇ પૂજ્ય સંઘસ્થવિર તપસ્વીજી શ્રી વિજય સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની તથા પોતાના ગુરુદેવશ્રી આચાર્ય મહારાજની આજ્ઞા મેળવી વૈ. સુ. ૧ના શુભદિવસે માતર પધારતા સંઘમાં અપૂર્વ ઉલ્લાસ પ્રગટ્યો હતો.

આઠ દિવસ પ્રભુજીને અંગરચના, પૂજા તથા ભાવના વિગેરેનો પ્રોગ્રામ રાખવામાં આવતાં શ્રી સંઘમાં ખૂબ ધર્મજાગૃતિ આવી હતી.

અત્રેથી ઇલોલ પધાર્યા હતા. અત્રે જાપરીથી મહેતા રમણલાલ પરશોતમદાસ વિગેરે વંદનાર્થે આવ્યા હતા. જાપરી પધારતાં શ્રી સંઘે ગહુંલીઓથી સત્કાર કર્યો હતો. વ્યાખ્યાન સમયે હીંમતનગરથી પણ જનતા વિશાળ સંખ્યામાં આવી હતી. વ્યાખ્યાન બાદ રમણલાલ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.

૫ હે ચેતન ? તારા મરણ બાદ તારા માનમાં ગમે તેટલા બજારો બંધ રહે તેથી તને શું ? તારા જીવનમાં ચાલી રહેલો અધર્મનો બજાર બંધ ન થાય ત્યાં સુધી તારા દુર્ગતિના દ્વાર બંધ થવા મુશ્કેલ છે.

•

પ્રાપ્ત થઇ હોય **તેથી તને શું ?** તારી સઘળી ઉપાધિઓનો અંત તો તું ધર્મ ક્રિયા કરવામાં તત્પર બનીશ ત્યારે જ થશે.

૧૩ હે ચેતન ? તારી સ્મશાન યાત્રામાં બહેને હાજરો માણસો જોડાય **તેથી તને શું ?** પરલોકમાં તો તારે એકલાએ જ જવાનું છે અને સુખ દુઃખો તારે એકલાએ જ ભોગવવાના છે. સ્મશાન યાત્રામાં ભેગા થયેલા માનવીઓ તારા દુઃખમાં ભાગ પડાવવા નહિ આવે

૧૪ હે ચેતન ? તારા મૃત દેહને તારા ભક્તો સુખડથી બાળે કે બાવળના લાકડાથી બાળે **તેથી તને શું ?** જો તું ધર્મ વિના ખાલી હાથે ગયો તો દુઃખ દાવાનલમાં તારે બળવાનું તો કાયમ જ છે

૧૫ હે ચેતન ? તું બહોતેર કળાનો જાણકાર હોય **તેથી તને શું ?** ધર્મકળાને જાણ્યા સિવાય સંસારનું પરિભ્રમણ કદીયે ટળનાર નથી.

૧૬ હે ચેતન ? તારા ઠાઠાની અનાવરણ વિધિ બહેને મોટા મોટા સ્થળે મોટા મોટા પુરૂષોના હાથે થાય **તેથી તને શું ?** પણ તારા આત્મા ઉપર લાગેલું આઠ કર્મોનું આવરણ જ્યાંસુધી દૂર ન થાય ત્યાં સુધી જન્મમરણના ભોટા તારે ખાધા વિના છૂટકો નથી.

卐

૬ સ્વ ઉત્કર્ષ (આપ બડાઈ) અને અન્યનો અપકર્ષ (હલકાઈ) કરવાની અધમ પ્રવૃત્તિને જે દિવસે તમારો આત્મા તિલાંજલિ આપે તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૭ સર્વ પાપ સ્થાનકોમાં અગ્ર સ્થાન ધરાવનાર [૧]મિથ્યાત્વ નામના પાપ સ્થાનકને જે દિવસે તમો વિદાયગીરી આપો તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૮ મોહ માયાના કુપમાં નખશીખ ડુબેલા પ્રાણીને બહાર ખેંચી કાઢનાર સદ્ગુરૂની વાણી જે દિવસે કર્ણ ગોચર થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૯ સર્વ દાનોમાં શ્રેષ્ઠ અભય દાન અને સુપાત્ર દાન દેવાનો શુભ પ્રસંગ જે દિવસે પ્રાપ્ત થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૧૦ પાંચે ઇંદ્રિયોના વિષયોનો ગુલામ બનેલો આત્મા, જે દિવસે તે ઇંદ્રિયોને પોતાની ગુલામડી (દાસી) બનાવે તેજ દિવસને ધન્ય દિન સમજજો.

૧૧ અનંતી સદીઓથી દુરાચારની ગંધાતી ગટરમાં સ્નાન કરી રહેલો આત્મા જે દિવસે સદાચારના નિર્મળ ઝરામાં સ્નાન કરતો થાય તે જ દિવસને ધન્ય દિન સમજજો.

૧૨ રાત અને દિવસ સોનું રૂપું જ કરવાની ધુંધી ભાવનારૂપ વિષ્ટામાં ભુંડની માફક મગ્ન રહેનારો આત્મા જે દિવસે દુરગતનું પણ ભલું કરવાની સુંદર ભાવનારૂપ ભોજનને કરનારો થશે તે જ દિવસને ધન્ય દિન સમજજો.

---

૧ ખોટાને સાચું માનવું અને સાચાને ખોટું માનવું.

સૌને દયાની મહત્તા સમજાવવી એ જ સાચી માનવ-સેવા.

૭ મનુષ્યોના હિતને જ ધ્યાનમાં રાખી પશુ-પક્ષીઓનો બેધડક સંહાર કરવાની દુષ્ટ સલાહ આપનારાઓને તેમને બચાવી લેવાની સુંદર સલાહ આપતા કરવા એ જ સાચી માનવ-સેવા.

૮ રાજ્ય, ઋદ્ધિ અને સત્તા આદિ વિનાશી વસ્તુની પાછળ અમૂલ્ય માનવભવને વેડફી નાંખનારાઓને તે ભવની દુર્લભતાનું ભાન કરાવવું એ જ સાચી માનવ-સેવા.

૯ અનાદિકાળથી મોહ નિદ્રામાં ઘોરતી દુનિયાને ધર્મનો ઢોલ પીટી જાગૃત કરવી એ જ સાચી માનવ-સેવા.

૧૦ મોહ રાજા તરફથી ફેલાયલા અહં અને મમ ના મંત્રથી આંધળી બનેલી જનતાને, નાહં અને ન મમ નો પ્રતિમંત્ર શીખવાડી દેખતી કરવી એ જ સાચી માનવ-સેવા.

૧૧ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપ ત્રિવિધ તાપમાં સળગી રહેલા જગતને, અહિંસા, સંયમ અને તપ રૂપ નીરનાં છાંટણાં છાંટી શીતળ બનાવવું એ જ સાચી માનવસેવા.

૧૨. માત્ર આજ લોકનું હિત કરનારી [illegible] કેળવણી પાછળ જ ઉત્કટ ખર્ચ કરનારાઓને, આ લોક અને પરલોક એમ બન્ને લોકનું એકાંત હિત કરનારી

૮. એ તારા પુણ્યનો જ પ્રભાવ છે

૧. આજે અનેકોને એક ટંક પુરતું પણ ખાવાનું મળતું નથી, જ્યારે તને ત્રણ ટંક પેટ ભરીને ખાવાનું મળી રહે છે; હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૨. કેટલાકોને પોતાની લાજ ઢાંકવા પુરતો કપડાનો ટુકડો પણ મળવો મુશ્કેલ છે, જ્યારે તું દરેક સીઝનને અનુકુળ ડ્રેસમાં મ્હાલે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૩. જગતમાં અનેક માનવીઓ પગે મુસાફરી કરી રહ્યા છે, જ્યારે તારે માટે ટાઈમ ટુ ટાઈમ આંગણામાં મોટર આદિ વાહનો બેસવા માટે તૈયાર જ હોય છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૪. કેટલાકોને માંગ્યું પાણી પણ મળતું નથી, જ્યારે તું પાણી માંગે છે ત્યારે દૂધ મળે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૫. જગતમાં સંખ્યાબંધ માનવીઓને પાપી પેટ ભરવા માટે અનેકોને સલામ ભરવી પડે છે. જ્યારે અનેકો તને સલામ ભરી રહ્યા છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૮. એ તારા પુણ્યનો જ પ્રભાવ છે

૧. આજે અનેકોને એક ટંક પુરતું પણ ખાવાનું મળતું નથી, જ્યારે તને ત્રણ ટંક પેટ ભરીને ખાવાનું મળી રહે છે; હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૨. કેટલાકોને પોતાની લાજ ઢાંકવા પુરતો કપડાનો ટુકડો પણ મળવો મુશ્કેલ છે, જ્યારે તું દરેક સીઝનને અનુકુળ કુલડ્રેસમાં મ્હાલે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૩. જગતમાં અનેક માનવીઓ પગે મુસાફરી કરી રહ્યા છે, જ્યારે તારે માટે ટાઇમ ટુ ટાઇમ આંગણામાં મોટર આદિ વાહનો બેસવા માટે તૈયાર જ હોય છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૪. કેટલાકોને માંગ્યું પાણી પણ મળતું નથી, જ્યારે તું પાણી માંગે છે ત્યારે દૂધ મળે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૫. જગતમાં સંખ્યાબંધ માનવીઓને પાપી પેટ ભરવા માટે અનેકોને સલામ કરવી પડે છે. જ્યારે અનેકો તને સલામ કરી રહ્યા છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

વયમાં પણ મરી જાય છે જ્યારે તને દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થયું છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૩. અનેકોને અનેક પાસે યાચના કરવી પડે છે. જ્યારે તારે કોઈ પણ પાસે હાથ ધરવો પડતો નથી. હે ચેતન એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૪. કેટલાકો પોતાનું પેટ ભરવા પણ અસમર્થ હોય છે જ્યારે તું અનેક આશ્રિતોનું પોષણ કરી રહ્યા છે હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૫. કેટલાકોને પાંચ રૂપીયા કમાવા હોય તો નવનેજા પાણી ઉતરે છે, જ્યારે તને વાત વાતમાં સેંકડો મળી રહે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૬. કેટલાકોને રહેવા માટે નાનીશી ઝુંપડી પણ હોતી નથી, જ્યારે તારે રહેવા માટે મોટો મહેલ છે હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૭. કેટલાકોને સુવા માટે સાદડી (ચટાઈ) પણ મળવી મુશ્કેલ છે. જ્યારે તું પાંચ મણ રૂની તળાઈમાં રોજ પોઢે છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૮. ઘણા આત્માઓનું શરીર અને રૂપ-રંગ ઢંગ-ધડા વિનાનું હોય છે. જ્યારે તારું શરીર સુંદર બાંધાવાળું, દેખાવદાર અને રૂપાળું છે. હે ચેતન ! એ તારા પુણ્યનો જ પ્રભાવ છે.

૧૯. અનેક લોકો આજે સત્તા અને સંપત્તિ પ્રાપ્ત કરવા માટે અનેકવિધ ઉથલ પાથલ કરી રહ્યા છે, જ્યારે

૯. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૧. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનને જે કર્મસત્તાએ બાર મહીના સુધી આહારમાં અંતરાય નાખ્યો. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૨. જે કર્મસત્તાએ પ્રભુ મહાવીરને સાડા બાર વર્ષ સુધી ઘોર દુઃખો આપ્યા. તે કર્મ સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૩. એક જ દિવસે સાઠ હજાર પુત્રોના મરણથી સગર ચક્રવર્તીને શોકસંતાપની ઊંડી ખાઇમાં જે સત્તાએ પટક્યા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૪. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા ઉઠાવે એવા સનત્કુમાર ચક્રવર્તીને જે કર્મસત્તાએ એકી સાથે સાત મહાન્ રોગોથી ઘેરી લીધા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૫. રાવણ જેવા સમર્થ રાજવીની ત્રણ ખંડની વિશાળ રાજ્યસત્તા જે કર્મસત્તાએ ક્ષણવારમાં ઝુંટવી લીધી. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૯. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૧. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનને જે કર્મસત્તાએ બાર મહીના સુધી આહારમાં અંતરાય નાખ્યો. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૨. જે કર્મસત્તાએ પ્રભુ મહાવીરને સાડા બાર વર્ષ સુધી ઘોર દુઃખો આપ્યા. તે કર્મ સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૩. એક જ દિવસે સાઠ હજાર પુત્રોના મરણથી સગર ચક્રવર્તીને શોકસંતાપની ગહરી ખાઈમાં જે સત્તાએ પટક્યા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૪. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા ઉઠાવે છે એવા સનત્કુમાર ચક્રવર્તીને જે કર્મસત્તાએ એકી સાથે સાત મહાન્ રોગોથી ઘેરી લીધા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૫. રાવણ જેવા સમર્થ રાજવીની ત્રણ ખંડની વિશાળ રાજ્યસત્તા જે કર્મસત્તાએ પલકારમાં ઝુંટવી લીધી. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૯. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૧. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનને જે કર્મસત્તાએ બાર મહીના સુધી આહારમાં અંતરાય નાખ્યો. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૨. જે કર્મસત્તાએ પ્રભુ મહાવીરને સાડા બાર વર્ષ સુધી ઘોર દુઃખો આપ્યા. તે કર્મ સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૩. એક જ દિવસે સાઠ હજાર પુત્રોના મરણથી સગર ચક્રવર્તીને ઘોરસંતાપની ગહરી ખાઈમાં જે સત્તાએ પટક્યા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૪. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા ઉઠાવે તે એવા સનત્કુમાર ચક્રવર્તીને જે કર્મસત્તાએ એકી સાથે સાત મહાન્ રોગોથી ઘેરી લીધા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૫. રાવણ જેવા સમર્થ રાજવીની ત્રણ ખંડની વિશાળ રાજ્યસત્તા જે કર્મસત્તાએ ઘડીકમાં ઝુંટવી લીધી. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૯. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૧. પ્રથમ તીર્થંકર આદીશ્વર ભગવાનને જે કર્મસત્તાએ બાર મહીના સુધી આહારમાં અંતરાય નાખ્યો. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૨. જે કર્મસત્તાએ પ્રભુ મહાવીરને સાડા બાર વર્ષ સુધી ઘોર દુ:ખો આપ્યા. તે કર્મ સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૩. એક જ દિવસે સાઠ હજાર પુત્રોના મરણથી સગર ચક્રવર્તીને શોકસંતાપની ગહરી ખાઇમાં જે સત્તાએ પટક્યા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૪. બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ જેની સેવા ઉઠાવે છે એવા સનત્કુમાર ચક્રવર્તીને જે કર્મસત્તાએ એકી સાથે સાત મહાન્ રોગોથી ઘેરી લીધા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

૫. રાવણ જેવા સમર્થ રાજવીની ત્રણ ખંડની વિશાળ રાજ્યસત્તા જે કર્મસત્તાએ ઘડીભરમાં ઝુંટવી લીધી. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી !

પચાસ ફટકાનો માર મરાવ્યો. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૧૩. જે સત્તાએ નળ રાજાને જુગારનાં વ્યસનમાં ફસાવી રાજ્યભ્રષ્ટ કરી વનવાસના અસહ્ય દુઃખો દીધા તે કર્મ-સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૧૪. જે સત્તાએ મુંજરાજા પાસે ભીખ મંગાવી. તે કર્મ સત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

૧૫. જે કર્મસત્તાએ કલાવતી જેવી સતીના કાંડા (હાથ) કપાવ્યા. તે કર્મસત્તા શું ત્હારા મારા જેવાને છોડશે ખરી ?

માટે જ

રાજા-મહારાજા શેઠ-શાહુકાર, તવંગર કે રંક, જ્ઞાની કે અજ્ઞાની કો કોઈએ તે સત્તાના અસહ્ય અને બેસીતમ જુલમમાંથી મુક્ત થવું હોય તો ધર્મસત્તાને શરણે મીઠા વરેલા પણ આવ્યા વિના છુટકો નથી.



માતા પાસે આવે છે સાવકાભાઈ પ્રત્યે પણ આવી સુંદર લાગણીને ધરાવનારા પોતાના પુત્રને જોઈ સુમિત્રા માતા ખુશ થાય છે. અને જણાવે છે કે, રામચંદ્રજી તો ક્યાર-નાએ નમસ્કાર કરીને ગયા. જા તું જલદી જા નહિ તો તારે અને એમને ઘણું છેટું પડી જશે કયાં છે આજે ? પોતાના ઓરમાન પુત્ર ઉપર આવો વાત્સલ્યભાવ રાખનારી સુમિત્રા જેવી માતાઓ.

૪. વડીલ ભ્રાતા શ્રીનાથ રામચંદ્રજીની સેવાને ખાતર રાજ્યવૈભવોના સુખોને ઠોકરે મારી જંગલની વિપત્તિઓને પણ સંપત્તિ માનનાર કયાં છે આજે ? લક્ષ્મણજી જેવા સેવાભાવી લઘુ ભ્રાતાઓ.

૫. મોટાભાઈના પત્ની સીતાજીને માતૃ તુલ્ય ગણી તેમના ચરણોમાં સદૈવ નમસ્કાર કરનાર અને કદી પણ તેમના મુખ સામે દ્રષ્ટિ નહિ નાખનાર કયાં છે આજે ? લક્ષ્મણજી જેવા સદાચારી અને વિવેકી દેવરો.

૬. રાવણ જેવા રૂપવાન રાજવીને તથા તેના અપૂર્વ વૈભવોને પણ શીલના રક્ષણ ખાતર ઠોકરે મારનાર તથા સ્વપ્નામાં પણ રામચંદ્રજીનું જ ધ્યાન ધરનાર કયાં છે આજે ! ધર્મનિષ્ઠ અને અડગ પૈર્ય ધારી સીતાજી જેવી પવિત્ર સતીઓ.

૭. સીતાજી પોતાના પતિ સાથે જવાની આજ્ઞા માટે કૌશલ્યાજી પાસે આવે છે. કૌશલ્યાજી સીતાજીને ખોળામાં લઈ અશ્રુધારાથી સીતાજીના શરીરને ભીંજવી નાંખતા,

ત્રીજા નંબરમાં ધર્મગુરૂઓની સેવા ત્યાર પછી તમારી સેવા કરવા બંધાઇએ છીએ જો હમારી આ શરત આપને કબુલ હોય તો તમારા મંત્રી બનવાને હમો તૈયાર છીએ નહિ તો મંત્રીપદની હમારે કશી જરૂર નથી. મંત્રીપદની મહત્તા કરતા ધર્મની મહત્તાને અધિક સમજનારા કયાં છે આજે ! તેમના જેવા ધર્મપ્રીય આત્માઓ.

૧૧. ગીરનારજી તીર્થ કોનું ? શ્વેતાંબરોનું કે દીગંબરોનું ? આવો ઝગડો પડતાં નિર્ણય એ આવ્યો કે જે વધુ સોનું બોલી ઇન્દ્રમાળ પહેરે તેમનું આ તીર્થ. ત્યારે ૫૬ ધડી સોનું બોલી પેથડકુમારે તે તીર્થમાળ પહેરી તીર્થનો કબજો લીધો. કયાં છે આજે ! લક્ષ્મીની લાલસાને ઠોકરે મારી તીર્થ રક્ષા કરનારા મહવીર તીર્થપ્રેમીઓ.

૧૨. ભીમો કુલડીયો ઘીનો વેપારી છે આખા વરસમાં આજીવિકા પુરતું કમાય છે. જે કમાણી સમસ્ત બની આજીવિકાનું સાધન છે. કુમારપાળ મહારાજાના ીશ્વર બાહડ તરફથી થતાં શ્રી શત્રુંજય તીર્થના દ્ધારમાં ઘી વેચીને ઉત્પન્ન કરેલ નફો કહો અગર રાનું સર્વસ્વ કહો જે કંઈ હતું તે અત્યંત હર્ષોલ્લાસ ભી દઇ પોતાનું નામ પહેલે નંબરે નોંધાવે છે. જીવિકાની પણ ચિન્તા કર્યા વિના સર્વસ્વ અર્પણ કરી ા કયાં છે આજે ! ભીમા કુલડીયા જેવા દાનવીરો.

૧૩. નાકના ખાતર, નેહના ખાતર, અને સ્વાર્થના ર પોતાના ધર્મ-સંબંધીઓને, આત્મીયજનોને, અને

૯. ખાવાપીવા માટે, રસોઇ બનાવવા માટે અને પૈસા કમાવવા માટે ઉદ્યમની પ્રધાનતા માનનારાઓ, ધર્મ-ક્રિયાઓ કરવાની વાત આવે ત્યારે ઉદ્યમ કશો હિસાબ જ ઉદયમાં નથી. એમ શું જોઇને બોલતા હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૦. હોસ્પીટલની, હાઇસ્કુલની, કોલેજની, મ્યુનીસીપાલીટીની, હેરકટીંગ સલુનની, વોશીંગ કંપનીની, ઘી, ગોળ, દૂધ, અનાજ અને કાપડની દુકાનોની તથા ટ્રેઇન, ટ્રામ, એરોપ્લેન અને ખત આદિ ઇહલોક ઉપયોગી સર્વ વસ્તુની જરૂરીયાતને સ્વીકારનારાઓ, પરલોકમાં શાંતિનું સ્થાન અર્પણ કરે એવા એક ધર્મની જ જરૂરીયાતને કેમ નહિ માનતા હોય ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૧. પોતાની સંતતીને એમ. એ એમ. એ. એલ. એલ. બી. અગર તો આઇ. સી એસ. આદિ મોટી મોટી ડીગ્રીઓ હાંસલ કરાવવા માટે સાત આઠ વર્ષની નાની ઉમ્મરમાં જ નિશાળે મુકવાની સતત કાળજી રાખનારા, ભગવાન મહાવીર સ્વામીનું વિશ્વાગ્ર તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેમની ત્યાગનિશાળમાં મોકલતા માત-પિતાને અને ખુશીથી જતાં નાની ઉમ્મરના બાળકોને શા માટે અટકાવતા હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

૧૨. જેઓ પોતે સ્વતંત્રતાને ચાહે છે, તેઓ બીજાની સ્વતંત્રતા ઉપર કાપ મારવાની અન્યાયકારી કાર્યવાહી કેમ કરતા હશે ? **એની કાંઇ સમજ પડતી નથી.**

રોગ ભગડાવનારાને વીતરાગ કથીત ધર્મ ઔષધી ઉપર હજુ તેવો વિશ્વાસ કેમ નહિ જામતો હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

૩૫. ખાવાના, પીવાના, ઓઢવાના, પહેરવાના, ઘરેણાંગાંઠાના, ઘરના અને સ્ત્રી પુત્ર પરિવારના રોજના રોજ એના એ વપરાશથી અને સંસર્ગથી નહિ કંટાળનારા વીતરાગ ભગવાનને ફરમાવેલી રોજની આવશ્યક ક્રિયાઓથી કેમ કંટાળી જતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૩૬. વટના ખાતર કે નાકના ખાતર એક ઘંટીના પડીયા માટે કોર્ટની દેવડીએ ચડી હજારો રૂપિયાની બરબાદી કરનારા, ધર્મની ટીપોમાં આપવાના સમયે આજકાલ સમય ઘણો બારીક આવ્યો છે એમ શું જોઇને બોલતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૩૭. અઢારપાપસ્થાનકોને સેવી ભેગી કરેલી લક્ષ્મીનો શુભ ખાતામાં વ્યય કરવાને બદલે ને લક્ષ્મીના સોગટા માટે અને પોતાનું નામ રાખવા માટે પારકાના પુત્રને ગોદ (દત્તક) લાવી અજ્ઞાની આત્માઓ આ ભવમાં અને પર ભવમાં શા માટે ગોથા ખાતા હશે? **એની કાંઇ સમજ પડતી નથી.**

૩૮. સ્વનિંદા સાંભળી ઉંચા નીચા થઇ જનારા, પારકાની પેટ ભરીને નિંદા કરતા કેમ કાંઇ પણ વિચાર ન કરતા હોય? **એની કાંઇ સમજ પડતી નથી.**

૩૯. કોઇ એક ગરીબ ડોશીનો છોકરો મોટો થટ

૧૪. તમારી કોઈ ઇર્ષ્યા કરે તો તમોને પસંદ નથી તો તમારે પણ કોઈની ઇર્ષ્યા કરવાની બુરી આદતને તિલાંજલિ આપવી જોઈએ.

૧૫. તમારૂં બુરૂં થાય એવી કાર્યવાહી કોઈ કરે તો તમોને તે ગમતું નથી તો તમારે પણ પ્રાણીમાત્રનું કોઈનું બુરૂં કરવું નહિ.

૧૬. તમારૂં જીવન તમોને વહાલું લાગે છે તેમ તમામ પ્રાણીઓને પોતાનું જીવન વહાલું હોય છે. માટે જ કોઈના જીવનને નષ્ટભ્રષ્ટ કરવાની અધમ પ્રવૃત્તિ તમો આદરશો નહિ.



ઢાંકવામાં દિવસોના દિવસો પસાર કરનારા, સમયની કીંમત સમજ્યા છે, એમ કેમ કહેવાય?

૮. યુદ્ધ ભૂમિમાં તીર કામઠા અને બાણોના ઘાને હિંમત પૂર્વક ઝીલનારા, પરન્તુ સ્ત્રીઓના કટાક્ષ આગળ કાયર બની જનારા બહાદુર છે, એમ કેમ કહેવાય?

૯. રાત અને દિવસ પરનિંદા સાંભળવામાં અને પરનિંદા કરવામાં મશગુલ રહેનાર, કાનનો અને જીભનો સદુપયોગ કરવાનું સમજ્યા છે, એમ કેમ કહેવાય?

૧૦. જે મનુષ્યો ગુણીઓના ગુણ ગાન કરવાનું શીખ્યા નથી તેઓના હૃદયમાં ગુણાનુરાગ ઊંડો છે, એમ કેમ કહેવાય?

૧૧. વૈભવવિલાસો નહિ મળવાથી વૈભવોને નહિ ભોગવનારા તેના ત્યાગી છે. એમ કેમ કહેવાય?

૧૨. તાવની બીમારીમાં માત્ર મગના પાણી ઉપર રહેનારા, માલ મિષ્ટાન્નના ત્યાગી છે. એમ કેમ કહેવાય?

૧૩. પુણ્યોદયથી પ્રાપ્ત થયેલી લક્ષ્મીનો જેઓ સદુપયોગ કરી શકતા નથી તેઓ પોતે લક્ષ્મીના માલીક છે. એમ કેમ કહેવાય?

૧૪. જે વડીલો પોતાની સંતતિનું ભવિષ્યમાં શું થશે? તેની જરા પણ ચિંતા કરતા નથી તેઓ તેમના હિતસ્વીઓ છે. એમ કેમ કહેવાય?

૧૫. સ્વ અને પરના હિત માટે છતી શક્તિએ દાન નિરાધાર રહેનારા સત્પુરુષો છે. એમ કેમ કહેવાય?

૩૦. પ્રેમ જોડો તો સુદેવ, સુગુરૂ, અને સુધર્મ સાથે જ જોડજો.

૩૧. શત્રુ તરીકે માનો તો રાગ અને દ્વેષ એ બેને જ શત્રુ માનજો.

૩૨. સ્નાન કરો તો જ્ઞાનગંગામાં જ કરજો.

૩૩. મસ્ત બનો તો પ્રભુભક્તિમાં જ મસ્ત બનજો.

૩૪. કાપવાની ઇચ્છા થાય તો ચોરાશીલાખ ફેરાને કાપજો.

૩૫. રૂવો તો આત્માનો મેલ ધોજો.

૩૬. નમો તો ધર્મી અને ગુણીજનોને જ નમજો.



માત્ર સુંદર પરંતુ પરિણામે અત્યંત દારૂણ વિપાકને આપનાર અબ્રહ્મને (વ્યભિચાર) સુજ્ઞ માણસોએ પહેલી તકે તિલાંજલિ આપવાની જરૂર છે.

૧૩. જે માનવીઓના હૃદયમાં સ્ત્રીઓએ ઘર પેસારો કર્યો તેના હૃદયમાંથી મનોહર ગુણોનો સમુહ તરત વિદાયગિરિ માંગી લે છે.

૧૪. ધારેલી ધારણા બર લાવનાર, મંત્ર-તંત્રને ફળીભૂત કરનાર, જગતમાં જયનો ડંકો બજાવનાર, અને દેવના સાનિધ્યને પ્રાપ્ત કરાવનાર જો કોઇ હોય તો તે માત્ર એક બ્રહ્મચર્ય જ છે.

૧૫. મનમાં કાંઇ, વચનમા કાંઇ અને ક્રિયામાં કાંઇ એવી સ્ત્રી શી રીતે સુખના માટે થાય ? એ ડાહ્યા માણસોએ વિચારવા જેવું છે.

૧૬. સોનાના દહેરાસરને બંધાવનારના કરતાં પણ બ્રહ્મચર્ય વ્રતને ધારણ કરનારો અધિક ગણાય છે, તેવા વ્રતની મહત્તા માટે વધારે શું લખવાનું હોય !

૧૭. એક જ વખતના વિષય સેવનમાં નવ લાખ ગર્ભજ પંચેન્દ્રિય, અસંખ્યાતા બે ઇંદ્રિય જીવો અને સમુચ્છિમ જીવોની જેમાં ઘોર હિંસા થતી જણાવેલ છે, તેવી વિષય પ્રવૃત્તિને છોડી દેવામાં કયા સુજ્ઞ સ્ત્રી-પુરુષો વિલંબ કરે ?

૧૮. અન્ય શાસ્ત્રોમાં જારકર્મ આચરનારનો નિર્વંશપણું, નપુંસકપણું અને દુર્ભાગ્યપણું વગેરેનું પ્રાપ્ત

દુર ! પુરૂષોની સંખ્યા જગતમાં હંમેશને માટે મોટી જ હોય છે.

૨૬. સિંહની મૂછ, સર્પનો મણી, કૃપણનું ધન અને ક્ષત્રિયની તલવાર, જીવ ગયા પછી જ પારકાના હાથમાં જાય છે, તેમ સતી સ્ત્રીઓ પણ મર્યા પછી જ પર પુરૂષના હસ્તમાં જાય છે.

ધન્ય હો ! ધન્ય હો ! ધન્ય હો ! પૃથ્વીના ભૂષણ-રૂપ બ્રહ્મચારી સ્ત્રી પુરૂષોને.



૨૧. આટલું જરૂર વાંચો.

૧. વૈરાગ્યનો માત્ર વય [ઉંમર] સાથે સબંધ નથી. પરન્તુ તથાપ્રકારની પૂર્વકૃત પુરુષાર્થ અને આ ભવમાં તેમના ધર્મી અને સંસ્કારી કુટુંબ તરફથી સીંચવામાં આવતા સુસંસ્કાર સાથે તેનો સબંધ છે.

૨. અનાદિ અનંતકાળથી ચતુર્ગતિરૂપ સંસારમાં પરિભ્રમણ કરી રહેલા આત્માની કોઈ ઉમ્મર જ નથી. ઉમ્મર તો માત્ર તેણે ધારણ કરેલા સ્થુલ દેહની ગણાય છે.

૩. બાળકો શું સમજે? એમ બોલનારાઓ હજુ આત્માને તેના સત્ય સ્વરૂપમાં પીછાણી શક્યા જ નથી. આત્મા બાળક નથી, યુવાન નથી, તેમ વૃદ્ધ પણ નથી. ઉપરોક્ત ત્રણ અવસ્થાઓ કર્મવશાત્ તેણે પ્રાપ્ત કરેલા શરીરની છે.

૪. કેટલાક બાળકોમાં જે ચાલાકી, હોંશિયારી પ્રતિભા અને હાજરજવાબી આદિની શક્તિઓ જોવામાં આવે છે, તે કેટલીક વખત યુવાન તેમ વૃદ્ધોમાં પણ જોવામાં આવતી નથી.

૫. દુનિયામાં વ્યવહારિક તેમ ધાર્મિક શિક્ષણ આપનારી બન્ને પ્રકારની શાળાઓ (school) છે. પોતાના બચ્ચાઓને કઈ સ્કુલમાં દાખલ કરવા તે તેમના વાલીઓની

૨૨. કડક પણ સાચું.

૧. પાપી કરતા પાપનો પ્રચારક વધુ ભયંકર છે. પાપી પોતાના આત્માને ડુબાડે છે. જ્યારે પાપનો પ્રચારક અનેક આત્માઓને દુર્ગતિના કુપમાં પટકે છે.

૨. મૂર્તિને તોડનારા કરતા મૂર્તિ પ્રત્યેની ભાવનાને તોડનારા વધુ ગુન્હેગાર છે.

૩. પાપના સ્થાનોમાં કોઇને વૈરાગ્ય થતો હોય તો તેમાં તથાપ્રકારની ભવિતવ્યતા, પૂર્વના સંસ્કારો અને સમ્યગ્જ્ઞાન જ કારણ છે, પરન્તુ પાપના સ્થાનો તો એકાંતે ત્યાજ્ય જ છે.

૪. નાથવાળો બળદ કહેવાય છે, અને નાથ વિનાનો સાંઢ કહેવાય છે, નાયક વિનાનું અગર અંકુશ વિનાનું ટોળું, સાંઢ જેવું છે.

૫. કોઈપણ ગચ્છ, પક્ષ, કે વાડાનો આત્માને મોક્ષ નથી, બંધન નથી. એમ બોલનારાઓ પણ એક જાતના વાડામાં જ પુરાયલા છે. અને એક જાતના પક્ષમાં છે.

૬. ધર્મ દુનિયાને નુકશાન પહોંચાડનારી ચીજ છે. એમ બોલનારા અને લખનારા કેવળ મિથ્યાત્વરૂપ સન્નિપાતમાં પેસેલા ભયંકર કોટિના રોગીઓ છે.

૭. જે જમાનામાં સ્વચ્છન્દતા અને શિથિલતાને [illegible] [illegible] વધુ હોય તે જમાનામાં ધર્મના નિયમોને ખૂબ જ મજબુત બનાવવાની જરૂર છે, તે બંધનોને શિથિલ કરનારા સ્વચ્છન્દતાને પોષનારા છે.

ખંડ ૨ જો.

૨૯. આપણા સુખ-દુઃખો માટે આપણે જવાબદાર છીએ.

જ્યારે જ્યારે મનુષ્યો ઉપર આપત્તિઓ આવી પડે છે અને એનો કટુક અનુભવ કરવો પડે છે ત્યારે ત્યારે અજ્ઞાની આત્માઓ પોતાના પૂર્વભવમાં કરેલાં અશુભ કર્મોનો દોષ નહિ કાઢતાં કાંતો ઈશ્વર ઉપર અગર તો વિપત્તિ આપવામાં નિમિત્ત બનનાર આત્માઓ ઉપર સઘળા દોષોનો ટોપલો ઓઢાડી દેવાની મૂર્ખાઈ કરે છે. ખરૂં જોતાં તો આપણા વર્તમાન સુખ-દુઃખો માટે આપણે જ જવાબદાર છીએ. એ જ વાતની પુષ્ટિ કરતાં શ્લોકકાર મહર્ષિ ફરમાવે છે કે:—

सव्वे पुव्वकयाणं कम्माणं, पावए फलविवागं ।
अवराहेसु गुणेसु य निमित्तमित्तं परो होइ ॥

અર્થ—સર્વ આત્માઓ પુર્વમાં કરેલા પોતાના શુભ અશુભ કર્મોના અનુસારે જ સુખ-દુઃખોના ફળનો વિપાક પ્રાપ્ત કરે છે. અપરાધમાં અગર તો ગુણમાં અન્ય તો નિમિત્ત માત્ર જ થાય છે.

કારણ કે નિમિત્તને જવાબદાર ગણનારને તો નીચેના શ્લોકમાં કુતરાની ઉપમા આપવામાં આવી છે.

उपेक्ष्य लोष्टक्षेप्तारं, लोष्टं दशति मंडलः ।
सिंहस्तु शरमपेक्ष्य, शरक्षेप्तारमीक्षते ॥

અર્થ—કુતરો પત્થર મારનારાની ઉપેક્ષા કરી પત્થરને બચકું ભરે છે જ્યારે સિંહ બાણને જતું કરી બાણ મારનારાને જ જુએ છે.

એવી જ રીતે અજ્ઞાન મનુષ્યો પણ કુતરાની પેઠે દુઃખ દેવામાં નિમિત્ત થનારાનો જ સામનો કરવા તૈયાર થાય છે. પણ પોતાના અશુભ કર્મનો જરા પણ વિચાર કરતો નથી. જ્યારે જ્ઞાની આત્માઓ સિંહની માફક શુભાશુભ કર્મોને ખ્યાલ કરી નિમિત્ત બનનારાને જતો કરે છે.

દષ્ટાંત તરીકે કોઈ એક રાજા પોતાના દુશ્મન રાજા સાથે યુદ્ધ કરવા પહેલા તે માટેનો સંદેશ પોતાના દૂત મારફત મોકલે છે. દૂત પણ તે રાજાની સભામાં જઈ તે સંદેશને સુણાવવા ઉપરાંત પોતાના રાજાના ગુણગાન કરે છે અને બીજા રાજાના અવગુણ બોલે છે. છતાં તે દૂતને અવધ્ય તેમ બીન ગુન્હેગાર ગણી યોગ્ય જવાબ આપી વિદાય કરવામાં આવે છે. કારણ કે રાજા સમજે છે કે દૂત તો માત્ર ચીઠ્ઠીનો ચાકર છે. માટે મારો અપરાધી દૂત નહિ પણ રાજા ગણાય. તે જ મુજબ આપણા ઉપર દુઃખોની ઝડી વરસાવનારને દૂતના સ્થાનમાં અને કર્મોને રાજાના સ્થાનમાં ગણવામાં આવે તો આત્મા નવીન કર્મોના

માણસને જોઈને સાંભળીને ખુશ થવું તેમના ગુણો જોઈને રાજી થવું, તે ગુણોની અન્ય આગળ અનુમોદના (પ્રશંસા) કરવી તેમાં તો કાંઈ જ આપવાનું જ નથી, કાંઈ પણ ગુમાવવાનું નથી તેમ કોઈ પણ જાતનો પરિશ્રમ ઉઠાવવાનો નથી, છતાં આશ્ચર્યની વાત છે કે ગુણાનુરાગી પુરુષોની શોધ કરવા નીકળીએ તો આંગળીના વેઢા ઉપર ગણી શકાય તેટલા જ નીકળશે.

કર્મને વિવશ પડેલા પ્રાણીઓમાં માત્ર ગુણો જ હોય અને અવગુણો ન જ હોય એમ બનતું નથી, બન્યું નથી અને બનશે પણ નહિ પ્રાણી માત્રમાં ગુણો અને અવગુણો બન્ને ક્વચિત ધરાવે છે. સર્વગુણસંપન્ન તો વીતરાગ પરમાત્માઓ જ હોય છે દુધ અને પાણીના મિશ્રણમાંથી દુધ અને પાણીને જુદા પાડવા માટે હંસની જ ચાંચ સમર્થ બને છે, તેમ ગુણો અને અવગુણોના મિશ્રણમાંથી બન્નેને જુદા પાડી ગુણોને ગ્રહણ કરવા માટે પણ ગુણગ્રાહી દૃષ્ટિની જરૂર છે. જે દૃષ્ટિને ધરાવનારા પુરુષોની સંખ્યા આ પૃથ્વીપટ ઉપર હંમેશને જ માટે અલ્પ પ્રમાણમાં હોય છે.

માખી સુગંધદાર ચંદનના લેપને છોડી પાચ ઉપર, સુંદર રૂપોને છોડી જેમ કાગડો માંસના ગંધાતા ટોચા ઉપર જઈને બેસે છે, તેમ હલકી કોટિના માનવીઓ મનુષ્યોમાં રહેલા અનેક ગુણોને છોડી અવગુણો જ ગ્રહણ કરવાની કાક વૃત્તિને સેવે છે. જેમ ઘઉં અને કાંકરા બન્ને ભેળાં જ રહે છે પરન્તુ ડાહ્યા મનુષ્યો કાંકરાને દૂર કરી ઘઉંને રાખે છે પણ ઘઉંને દૂર કરી કાંકરાનો સંગ્રહ

છે, કુસંપના ઉંડા બીજો વાવ્યા છે. પરસ્પર વૈમનસ્ય ભાવને પેદા કર્યો છે, આજે એક બીજાની આંખમાં અમી રહી નથી. એક બીજાને મળતા આંખમાંથી અગ્નિના તણખા ઝરતા દેખાય છે. વીતરાગ પરમાત્માના ધર્મને જ પાળનારાઓમાં એક બીજાને મળતા જે આનંદ થવો જોઈએ તે આનંદ દૃષ્ટિગોચર થતો નથી નિંદા કરવાની, કોઇના અવગુણને પ્રગટ કરવાની ને કોઇના મર્મને પ્રકાશવાની અધમ પ્રવૃત્તિએ આજે સામાન્ય જ્ઞાનને ધરનારી ભોળી જનતાને ઘણાથી ઘર કરવાનું કાર્ય કર્યું છે કોઇની પણ નિંદા ન કરવી એ તો એક માર્ગાનુસારીના ગુણનું લક્ષણ છે. તો પછી નિંદા કરવાની કુટેવ પાંચ મહાવ્રત ધરનારાઓમા કે બારવ્રત ધારણ કરનાર શ્રાવક–શ્રાવિકામા જો હોય તો તેઓ પોતાના સ્થાનને દૂષિત કરી રહ્યા છે તેમ માનવું પડે

આ અમુક પક્ષનો છે, અને આ અમુક પક્ષનો છે. એવી સંકુચીતતા છોડી દઈ બધા જ આપણે મહાવીરના પક્ષના જ છીએ એમ ગણી વિચારોની આપલે કરી જીવનમાં અરસપરસ સિદ્ધાન્ત મુજબ યોગ્ય સુધારણા કરવાની જરૂર છે. જેથી ચતુર્વિધ સંઘની આજે છિન્નભિન્ન થયેલી દશામાં જરૂર પલટો થયા વિના નહિ રહે. સંપ જામતા વિલંબ નહિ લાગે. પરંતુ અફસોસની વાત છે કે આજે તો કદાગ્રહે ચઢેલા કેટલાકોને ભેદ કરીને નિંદા કરવાનો અને એકબીજાની લડાઈ જોવાનો શોખ હોય છે. અને તેમના મુખમાંથી ઝરતી ઝેરના પાણીની જેવી વાણીને વાંચતી ખૂબ ખૂબ દુઃખ થતા કેટલાક ભાઈઓ પણ નડી આવે છે.

હીએ બીજી સંસ્થાઓમાં નથી જ આપતા એમ પણ નથી. યથાશક્તિ સર્વ ધર્મ સંસ્થાઓમાં આપતા આવ્યા છે અને આપે છે. પરન્તુ ઉપરોક્ત ધર્મક્રિયાઓની માત્ર ટીકા જ કરનારા બધા જ, તેમને જ્યાં જરૂરી લાગે તેવા સ્થાનમાં આપવા માટે કયાં પોતાનો ઉદાર હાથ લંબાવે છે? માટેજ સો કોઈને એક જ સલાહ છે કે તમોને જ્યાં ઠીક લાગે ત્યાં તમારા દાનના પ્રવાહને વહેવા દો, અને અન્યોને જ્યાં ઉચિત લાગે ત્યાં તેમને પોતાની લક્ષ્મીનો વ્યય કરવા દો આમ થવાથી એક બીજા વચ્ચે વૈમનસ્ય ભાવ પેદા થવાનો પ્રસંગ આવશે નહિ, એટલુ જ નહિ પણ સુલેહ-શાંતિ અને સંપ પણ જળવાઇ રહેશે

બોલવામાં જ બધી બાજી બગડી જાય છે ને? મા અને બાપની બૈરી બન્નેનો અર્થ ભલે એક હોય. પરન્તુ મા કહેવામાં વિવેક છે, જ્યારે બાપની બૈરી કહેવામાં વિવેકનું દેવાળું છે. આજે ઘણા માણસોને અને સંસ્થાઓના કેટલાક કાર્યવાહકોને પણ બોલતા સાંભળીએ છીએ કે ઉપધાનનો સાફ્ટો કાઢ્યો છે. વાહ વાહને ખાતર લાખો રૂપીઆનું પાણી કરી દેશે, પણ ગરીબોને તેમ કોઈ સંસ્થામાં આપશે નહિ. આમ બોલવામાં પણ વિવેકની ખામી સાથ ધર્મક્રિયાની મહત્તાના જ્ઞાનનો અભાવ હોય છે. પરન્તુ એમ નહિ બોલતા, આ અને આવા અનેક ધર્મકાર્યોમાં વધી વધારી લક્ષ્મીનો સદ્વ્યય કરતા આવ્યા છે તેમ આ સંસ્થા તરફ પણ ખાસ ખ્યાલ રાખવાની જરૂર છે. આ પ્રમાણે બોલવામાં શાસ્ત્રવિહિત ધર્મક્રિયાના તિરસ્કા-

આદિ પોતાના અંગત સ્વાર્થ માટે વીલાયત જનારાઓના અને ત્યાંથી પાછા ફરનારાઓના માનમાં મોટી-મોટી ટીપાર્ટી, મીજલસો, અને ઉજાણીઓ ખુશીથી ગોઠવાય છે, જ્યારે માત્ર ધર્મના ઈરાદાથી જ કરવામાં આવતા ધાર્મિક જમણનો વિરોધ ઉઠાવાય છે. લોકમત કેળવવા માટે લાખો માણસ એકત્ર થઈ જલસો ઉડાવે છે, જ્યારે પ્રતિષ્ઠા-મહોત્સવ આદિ ધર્મ પ્રસંગે ભેગા થતા હજારો માણસો આંખ ઉપર ચડે છે. આ બધી વસ્તુઓ ઉપર તટસ્થ બની ખૂબ વિચાર કરવાનો છે. વિચાર કરીને બોલવામાં અને લખવામા ઘણો જ લાભ થાય છે. કહ્યું છે કે-Look before you leap and think before you speak.



ધર્મગુરુઓની સુંદર શિક્ષાને નહિ સાંભળનારાઓ જ્યારે મરણ પથારીએ સુએ છે, ત્યારે વિચાર કરે છે કે અરે રે ! આવા ઉમદા જન્મને માત્ર વાડી ગાડી અને લાડીની મોજ પાછળ નાટકમાં ગુમાવી દીધો. જો તે દેહથી ધર્મની સુંદર કાર્યવાહી કરી લીધી હોત તો પુનઃ તેવા દેહને પ્રાપ્ત કરવાની આશા રાખી શકાત. ઉપરોક્ત તેમના વિચારો પણ દાંઝયા પછીના ડહાપણ જેવા હોઈ કદાજ ઉપયોગમાં આવે એમ નથી.

૪. પાંચે ઇંદ્રિયોના વિષયોનો ભોગવટો પ્રાણીમાત્રને ચોરાશી લાખ યોનીમાં ભટકાવે છે માટે તે વિષયો ઉપર યથાશક્તિ કાપ મૂકી કર્મોને થાપ ખવડાવી અથાગ પાપ-માંથી બચવા પ્રયત્ન કરો. આવી ધર્મગુરુઓની કડક પણ સાચી સલાહને મશ્કરીમાં ઉડાવનારાઓ જ્યારે અનેકવિધ ખાદાખોરાક ઉભી કરે એવી ટાઈફોઈડની બીમારીમાં સપડાય છે ત્યારે મહિનાઓ સુધી માત્ર મગના પાણી ઉપર અને મોસંબીના રસ ઉપર રહી શરીરનો કસ કાઢી નાંખે છે. તેવા પ્રસંગે રડી વિચારે છે કે અરે ચેતન ! તું હઠવાયલો (સપડાયેલો) રોગ બધુંએ છોડી દેવા હમણાં તૈયાર થયો છે. તો પછી ગુરુ મહારાજના ફરમાનથી વધુ નહિ તો માત્ર અભક્ષ્ય પદાર્થોનો પણ ત્યાગ કર્યો હોત તો ઘણું સુંદર થાત. આવા રોગીના વિચારો પણ દાંઝયા પછીના ડહાપણ જેવા હોઈ કદાજ કામ લાગે એવા નથી.

૫. સટ્ટો, જુગાર, આદિ ખોટા ભયંકર ધંધામાં કદી પડશો નહિ. આવી વડીલોની હિતશિક્ષાને અવગણીને પણ

૩૦. આટલું તો જરૂર કરો.

૧. સાતે વ્યસનનો ત્યાગ કરજો પણ દાન દેવાના વ્યસનને કદી છોડશો નહિ.

૨. બધાનો લોભ છોડજો પણ ધર્મના લોભી તો જરૂર બનજો.

૩. કોઇથી ડરશો નહિ પણ અપકૃત્યથી તો ડરતા રહેજો

૪. પારકી વસ્તુ છીનવી લેવાની દુષ્ટ ભાવના થાય ત્યારે પાંગળા બનવાનું પસંદ કરજો.

૫ વિકાર દ્રષ્ટિથી રૂપરંગને નીહાળવામાં જ રાત અને દિન રક્ત રહેનારી ચક્ષુની પ્રાપ્તિ કરતાં અંધાપો વધુ હિતકર છે એમ માનજો.

૬ બધી વાતે સંતોષી બનજો પરન્તુ ધર્મક્રિયા કરવામાં તો સદા અસંતોષી રહેજો

૭. કોઇનું ભલું ન થાય તો તેનો બહુ વાંધો નહિ પણ બુરૂ તો કોઇનું કરશો જ નહિ.

૮. ધર્મ થાય એટલો કરજો પરન્તુ તે કરનારાઓના માર્ગમાં અંતરાય રૂપ બની કાંટા તો કદી નાંખશો નહિ.

૯. કોઇના ગુણાનુવાદ કરવાનું ન બને તો ભલે પરંતુ કોઇના અવર્ણવાદ (નિંદા) તો કદી કરશો નહિ.

૧૦. દેવ ગુરૂ અને ધર્મની ભક્તિ બને એટલી કરજો પરન્તુ તેમની અભક્તિ કરવાની મૂર્ખાઇ કદી કરશો નહિ.

ટેક્સીના ત્રણસો રૂપીઆ પણ આપવા પડયા હતા તો શું તે મોટર ટેક્સી હીરા માણેકથી જડેલી હતી ? કહેવું જ પડશે કે તે ચાર્જ માત્ર પ્રાણને બચાવી લેવા માટે કટોકટીના પ્રસંગ પુરતો જ હતો. તે જ મુજબ અનંતજન્મ મરણના ફેરામાંથી બચાવી લેનાર ચારિત્ર આરાધવા માટે પ્રાપ્ત થએલી સુંદર તકની તે કીંમત હતી, નહિ કે મોઘા પાતળાની. પંડીતજીની શંકાને તથા તેમના જેવા અન્યોની શંકાને દૂર કરનારો આ પણ બંધ બેસતો પ્રસંગ છે.

૧૦. અલ્પકાલીન, અસ્થિર કાલ્પનિક, ક્ષણિક શાંતિ અર્પણ કરનાર સ્વરાજ્યની પ્રાપ્તિ પાછળ ભુખ, તૃષા, ઇષ્ટ વિયોગ અનિષ્ટ સંયોગ, લાઠીનો માર, બંદુકની ગોળી, આદિ બે સુમાર તકલીફોને સહન કરવી પડી છે, તો પછી શાશ્વત, permanenient સંપૂર્ણ, વાસ્તવિક, જન્મ મરણ, વિનાનું ઉપાધિ રહિત એવું આત્મિક સ્વરાજ્ય (મોક્ષ) પ્રાપ્ત કરવા માટે શું શું નહિ કરવું પડે અને કઇ કઇ તકલીફો નહિ સહન કરવી પડે તેનો પણ વિચાર કરવાની જરૂર છે.



અવગુણનું રૂપ આપી ચીતરે એવી અગર છાપામાં લખી, ચોવટ, નિંદા અને ખોટી ટીકા કરવાની અજ્ઞાન અને નિરર્થક ચેષ્ટા કરવા તૈયાર થાય છે, તેમને ગુજરાતના પ્રખ્યાત કવિ શ્રીયુત દલપતરામ પોતાના અઢારે વાંકા અંગોને નહિ જોતા અન્યના એકાદ વાંકા અંગની ટીકા કરનારા ઉંટના દ્રષ્ટાંતથી નીચેની કવિતામાં સચોટ પ્રેરણા અર્પે છે.

ઊંટ કહે આ સભામાં વાંકા અંગવાળા ભુંડા,
ભૂતળમાં પશુઓ ને પક્ષીઓ અપાર છે.
બગલાની ડોક વાંકી, પોપટની ચાંચ વાંકી,
કુતરાની પુછડીનો વાંકો વિસ્તાર છે.
વારણની સુંઢ વાંકી, વાઘના છે નખ વાંકા,
ભેંસને તો શિરે વાંકા શીંગડાનો ભાર છે,
સાંભળી શિયાળ બોલ્યું, દાખે દલપતરામ,
અન્યનું તો એક વાંકું, આપના અઢાર છે.

એક વખત જંગલમાં પશુ અને પક્ષીઓની સભા ભરાઈ. તેમાં પ્રથમ ઊંટભાઈનું વક્તવ્ય શરૂ થયું. તેમણે પોતાની બુલંદ અવાજવાળી સ્પીચ શરૂ કરી સભામાં બેઠેલા પશુ પક્ષીઓના વાંકા અંગોની નોંધ લેવા જણાવ્યું, કે આ સભામાં વાંકા અંગવાળા, અને ભુંડા પશુ-પક્ષીઓ કુદરતમાં ઘણા છે. જુઓ બગલાની ડોક વાંકી છે. પોપટની ચાંચ વાંકી છે. કુતરાની પુંછડીનો વાંકો વિસ્તાર છે. હાથીની સૂંઢ વાંકી છે. વાઘના નખ વાંકા છે. અને ભેંસને માથે વાંકા શીંગડાનો ભાર છે. ઊંટભાઈના વક્તવ્યમાં અન્ય પશુ-પક્ષીઓની ટીકા સાંભળી ચીબાવલુ લુચ્ચું

-

૩૩. જીવો અને જીવવા દો.

(Live and let live)

यथा न मे प्रियो मृत्युः, सर्वेषां प्राणीनां तथा ।
तस्मात् मृत्युभयात् नित्यं, त्रातव्या प्राणीनो बुधैः ॥

ઉપરોક્ત શ્લોકમાં શ્લોકકાર મહર્ષિએ જીવદયાનો સુંદર ઉપદેશ યુક્તિ સાથ પાઠવ્યો છે જે તેના અર્થ ઉપરથી સમજી શકાશે.

અર્થ—જેવી રીતે મને મરણ પસંદ નથી તેવી જ રીતે સર્વ પ્રાણીઓને પણ મરણ પસંદ નથી. માટે જ મૃત્યુના ભયથી બુદ્ધિશાળી પુરૂષોએ પ્રાણીઓનુ રક્ષણ કરવું જોઇએ.

ઉપરના અર્થથી માલુમ પડે છે કે મહાન પુરૂષોની કોઇ પણ સંજોગોમાં પ્રાણીને બચાવવા માટેની જ સખત ભલામણ હોય છે. દયાની મહત્તાને સમજનારા આત્માઓના મુખમાંથી કોઇને પણ મારવાની વાત કદી નીકળે જ નહિ. વળી "જે વસ્તુ પોતાને પસંદ પડતી નથી. તે જ વસ્તુનું આચરણ અન્ય પ્રત્યે કદી ન કરવું." આટલો ટુંકો અને સ્પષ્ટ સિદ્ધાન્ત જો કોઇને સમજાય તો આજેજ દયા દેવીનું સામ્રાજ્ય દેશના પ્રત્યેક ખુણામાં પ્રસર્યા વિના રહે જ નહિ. પરન્તુ "વો દિન કહાં કિ મીયાંકે પાઉં મેં જુતીયાં"

સુક્ષ્મ કે બાદર (નાના કે મોટા) ત્રસ કે સ્થાવર (હાલતા ચાલતા કે સ્થિર) જ્ઞાની કે અજ્ઞાની, સુખી કે દુઃખી, રાજા કે રંક સૌ કોઇને પોતાનો પ્રાણ વ્હાલો છે. ધનજીને

यो दद्यात् काञ्चनं मेरुं, कृत्स्नां चैव वसुन्धराम् ।
एकस्य जीवितं दद्यात्, न तत्तुल्यं युधिष्ठिर ! ॥

અર્થ—હે યુધિષ્ઠિર ! કોઇ એક માણસ સોનાના મેરૂ પર્વતનું અને આખી પૃથ્વીનું દાન કરે અને એક માણસ મરતા પ્રાણીને જીવીતદાન આપે તો તે બન્ને એક સરખા ગણાતા નથી અર્થાત્ જીવોનું રક્ષણ કરનારો દાન આપનાર કરતા અધિક ગણાય છે.

ઉપરના શ્લોકમાં એક પ્રાણીને બચાવી લેવાનું આટલું પુન્ય બતાવ્યું છે તો પછી એક પ્રાણીને મારવાનું પાપ કેટલું લાગતું હશે એનો વિચાર દરેક સજ્જનોએ કરવો રહ્યો.

વળી અફસોસની વાત તો એ છે કે વાંદરા વિગેરેને મારી નાંખવા જેવી ઘોર અને સ્પષ્ટ હિંસાને કેટલાક નામધારી દયાના હિમાયતીઓ, અહિંસાના નામથી નવાજી રહ્યા છે. પરન્તુ યાદ રાખવાની જરૂર છે કે હિંસા અને અહિંસાનો લેબાસ પહેરાવવાથી હિંસા કદીએ અહિંસા બનવાની નથી અને અહિંસાને તેના સત્ય સ્વરૂપમાં સમજી તેના ચોક્કસ પાલન સિવાય જીવનમાં સાચી શાન્તિ પણ આવનાર નથી. વળી અહિંસાના પાલન સિવાય ધર્મ બનવો જ મુશ્કેલ છે. અને ધર્મ વિના આ લોકનું સ્વરાજ્ય ટકવું અને પરલોકમાં મોક્ષ સ્વરાજ્ય મળવું પણ મુશ્કેલ છે. જે દેશમાં પશુ પક્ષીઓ પાલન માટે હજારો રૂપિયાના ખર્ચે પાંજરાપોળો ચાલતી હોય, જે દેશમાં મહારાજા કુમારપાળના સમયમાં મારવાની વાત તો દૂર રહી પરંતુ "માર" એટલો શબ્દ

વિના ભાવનાએ આપેલા દાનનો આટલો પ્રભાવ છે તો ભાવપૂર્વક આપવામાં આવતા દાનના પ્રભાવનું તો પૂછવું જ શું ! એમ સમજી શેઠને સંપૂર્ણ શ્રદ્ધા થવાથી તેઓ જુઠી માન્યતાને છોડી સુદેવ, સુગુરૂ અને સુધર્મની સેવા સાથ દાન-ધર્મમાં વિશેષ તત્પર બન્યા.

એક વખત એજ નગરના રાજાને અચાનક પેટમાં શૂળની બીમારી પેદા થાય છે. અનેક વૈદ્યોના ઉપચાર કરવા છતાં જરા પણ ફાયદો નહિ થયો. એટલે રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે રાજાના દર્દને જે કોઇ મીટાવશે તેને યોગ્ય ઇનામ આપવામાં આવશે આ હકીકત જાણીને સુંદર શેઠે ઝીલી. તેમને મળેલા રત્નોમાંથી એક રત્ન એવું પણ હતું કે ધોઇને પાણી પીવરાવવામાં આવે તો શૂળ દૂર થઇ જાય. આ પાણી રાજાસાહેબને શેઠે પીવરાવતાં તુરત જ પીડા શાન્ત થઇ ગઇ.

રાજાએ શેઠને કહ્યું કે તમારે જે ઇનામમાં માગવું હોય તે માગો.

સુંદર શેઠે સમય ઉચિત જવાબ આપતાં જણાવ્યું કે આપ જેવા નરરત્નોનો રોગ નાબુદ થયો એટલે જ હમોને ઘણું જ પ્રાપ્ત થયું છે. શેઠની ઉદારતા અને નિઃસ્પૃહતાને જોઇ રાજાએ તેમને નગરશેઠની પદવી આપી. તે રત્નોના વડે વર્ષો સુધી સોદાગરી કરી અંતે તે રત્નો પોતાના પુત્રને સ્હોંપી સ્વયં દીક્ષા ગ્રહણ કરી આરાધના કરી તેઓ સ્વર્ગમાં સીધાવ્યા.

Pain is the great teacher of mankind beneath it souls develope.

દુઃખ એ તો મનુષ્યજાતિનો એક મોટો શિક્ષક છે કે જેના હાથ નીચે આત્માઓનો વિકાસ થાય છે.

માટે જ દુઃખના સમયમાં આપઘાત આદિ કરવાની અજ્ઞાન ચેષ્ટા નહિ કરતા ધર્મકાર્યોમાં ખૂબ પરાયણ રહેવાની જરૂર છે. આપત્તિઓને હઠાવનાર ધર્મ સિવાય કોઇ પણ બીજી ઔષધિ નથી, એ હૃદય પટ ઉપર કોતરી રાખવાની જરૂર છે.



Master your passions and heaven is not far.

અર્થાત્-તમો પાચે ઈંદ્રિયોના વિષયો ઉપર કાબુ મેળવો તો સ્વર્ગ કાંઇ દૂર નથી

આથી એટલુ નિશ્ચિત થાય છે કે ઝેરનું પાન કદાચ નુકશાન કરે તો માત્ર એકજ ભવ પુરતુ, જ્યારે વિષયોનાં પાનથી અનેક ભવો સુધી થતું નુકશાન પારાવાર અને અસહ્ય હોય છે પરન્તુ આશ્ચર્યની વાત તો એ છે કે માનવીઓને જેટલો ભય વિષનો હોય છે તેટલો ભય વિષયોનો હોતો નથી કહ્યુ છે કે—

यन्नेन पापानि समाचरन्ति, धर्मं प्रसंगादपि नाचरन्ति।
आश्चर्यमेतद् हि मनुष्यलोके, क्षीरं परित्यज्य विषं पिबन्ति ॥

અર્થાત્–અજ્ઞાન માનવીઓ પાપને પ્રયત્નપૂર્વક આચરે છે જ્યારે સહેજ સ્વભાવે (વિના પ્રયત્ને) પ્રાપ્ત થએલા ધર્મનું આચરણ કરતા નથી. એ જ જગતમા મોટુ આશ્ચર્ય છે કે ખીરને છોડી વિષનુ પાન કરવા ખુશીથી તૈયાર થાય છે. ખરેખર અજ્ઞાનથી આત્માની વધુ કમનસીબી અને મૂર્ખાઈ બીજી કઈ હોઈ શકે ?

વિષયોના સેવનથી થતા નુકશાન માટે તો પુછવું જ શું ? કહેને આજસુધી આવવા આમંત્રણ [illegible] ન હોય તો તેમાં માત્ર વિષય વિકારોની આડી નડતર જ એક કારણ અહીં દેખાય. વળી વિકારોને ઉત્તેજનાં પણ મોટે ભાગે વિષયો જ નિમિત્તભૂત હોય છે, વિષયોના

ઘોડા ઉપર બેસી જા. એમ બોલતાં તેના મામાને તે સાંભળે છે. બગાભાઈ તો ઘોડે બેસવાને ક્યારનાએ ઉતાવળા થઈ રહ્યા હતા એટલે એકદમ હોંશભેર બગાએ ઘોડા ઉપર બેસવા માટે કુદકો માર્યો કે તરત જ બગાભાઈ ભોંય ભેગા થઈ ગયા. હાડકાં ખોખરાં થયાં. બીજે દિવસે પરગામ જવાની તેની આન હાલ તો પરલોકમાં સીધાવવાની તૈયારીઓ કરવા લાગી. એટલામાં જ તેની બેન ભાતું લઈને ખેતરમાં આવે છે, ત્યાં તો બગાના મુખારવિન્દમાંથી ઉં ઉં ઉં નો કરૂણ સ્વર નીકળતો સાંભળે છે. નજીકમાં જઈને જુએ છે તો તે જમીન ઉપર બેહોશ થઈ પડયો છે. ઉઠવાના તથા બેસવાના હોંશ પણ રહ્યા નથી.

આ દશ્ય જોઈ તરત જ તેની બેન ઉતાવળી ઉતાવળી ઘેર આવી. બગાના પડી ગયાની વાત જણાવી. આ સમયે તેની મા રસોડામાં રોપાથી (ચાટવાથી) પેંસને હલાવી રહી હતી. બગાના આવા ઉતાવળીયા સ્વભાવ માટે એકદમ આવેશમાં આવી જઈ તેણે ઠપકો આપવાં કહ્યું કે–"મુઓ એ તો એવો જ છે, એમ કહી રોપો હાંલ્લામાં એવો તો જોરથી અફાળ્યો કે હાંલ્લું ભાંગી ગયું અને સારીએ પેંસ ચુલામાં ગઈ. આજ સમાચાર તેની બેને પોતાની દાદીમાને આપ્યા. આ વખતે એ ગાય દોહી રહી હતી. બગાના આ દુઃખદ સમાચારને સાંભળી દાદીમા તો એવા ગભરાઈ ગયાં કે હેં એમ કહી તુરત તેના બે પગ પહોળા થઈ ગયા કે તુરત જ દુધની–તપેલી જમીન ઉપર ઢળી ગઈ.

દોષ તો તેનાથી થતા નુકશાનનો વિચાર કરી તેને તિલાંજલિ આપવા પ્રયત્નશીલ બનવાની જરૂર છે.

જે આત્માઓ ધર્મને છોડી ભોગો તરફ જ દોડી રહ્યા છે તે આત્માઓ પોતાના આંગણામાં ઉગેલા કલ્પવૃક્ષને ઉખેડી ધતુરાના વૃક્ષને વાવવાની, ચિન્તામણી રત્નને ફેંકી દઈ કાચના કટકાને ગ્રહણ કરવાની, અને ઐરાવણ હાથીને વેચી ગધેડાને ખરીદવાની અજ્ઞાન ચેષ્ટા કરી રહ્યા છે. વળી ખુજલી ઉપર ખણવાથી જો કે પ્રથમ તો ખુબ જ મીઠાશ આવે છે પણ ખણ્યા પછી તેમાં જબ્બર દાહ (અગ્નિ) ઉત્પન્ન થાય છે તેજ મુજબ વિષયોનો ભોગવટો કરતી વખતે તો તે અત્યંત મીઠા લાગે છે પરન્તુ દુર્ગતિમા જઇ કટુક વિપાકો (દુખો) ભોગવતી વખતે અસહ્ય વેદનાઓ સહન કરવી પડે છે.

એક પૈસાના નફા માટે હજારો રૂપીયાને વેડફી નાખનારો જેટલો મૂર્ખ ગણાય છે, તેના કરતાયે વિષયવિલાસોના ક્ષણિક સ્વાદ માટે મોંઘી માનવજીંદગીને વેડફી નાખી નરક ગતિના અસહ્ય દુખોને સ્વીકારનારો કઇ ગણો વધુ મૂર્ખ ગણાય છે.

ઉપરોક્ત હિતોપદેશને અવગણનારાઓએ ખાસ એટલું લક્ષમાં રાખવાની જરૂર છે કે વિષયના સ્મરણ માત્રથી અમના તો આજ જગમાં હાહાકાર મચ્યા, પરન્તુ રાગ અને વિષય તેની ખાણ જ અન્ય બનીને ફરનારાઓના હાથોનો તો આવતા ભવોમાં ફરેફરો થઈ જશે એ નિઃસંદેહ વાત છે,

કરે છે કે મારા ગળામાં કુદરતે રહી ગયેલો આ કાંઠલો ઉંદર મામાને મારા ઉપર વિશ્વાસ જમાવવા માટેનું સુંદર સાધન થઈ પડશે.

એમ વિચારી જ્યારે ઉંદરો દરની બહાર નીકળે છે ત્યારે તે બીલ્લીબાઈ તેમના તરફ મોં રાખીને કહે છે કે આવો ઉંદર ભાઈ આવો ! હવે તમારે મારા તરફથી લેશ માત્ર ભય રાખવાની જરૂર નથી, કારણ કે હું હમણાં જ તીર્થયાત્રા કરીને આવી છું. હવે પછી કોઈ પણ જીવની હિંસા નહિ કરવાની મેં ત્યાં પ્રતિજ્ઞા ગ્રહણ કરી છે. જુઓ ! તેના ચિન્હ તરીકે મારા ગળામાં મેં આ કેદારનાથનું કંકણ પહેર્યું છે.

બીલ્લીબાઈના આ વિશ્વાસઘાતી વચન ઉપર શ્રદ્ધા રાખી સઘળા ઉંદરો હવે નિર્ભયપણે બહાર આવ-જાવ કરે છે. પણ ધુર્ત બીલ્લીબાઈ બધા ઉંદરો અંદર પેસી જાય અને છેલ્લો ઉંદર પેસવા જાય કે તુરત પકડીને ખાઈ જાય છે. આ પ્રમાણે ઘણો વખત સુધી પેટ ચલાવી. બીલ્લીબાઈ ઉજાણી કરતા રહ્યા. પરંતુ "પાપ તો પીપળે ચઢીને પોકારે છે" એ કહેવત અનુસાર ઉંદરોની સંખ્યામાં દિવસે દિવસે ઘટાડો થતો જોઈ બીલ્લીબાઈની દાનત ઉપર શક ગયો. હવે આ વાતનો નિર્ણય કરવા માટે તેઓએ એક ઉંદરની પુછડી કાપી બાંડો બનાવ્યો. અને તેને સૌથી છેલ્લા વાંકામાં આવવા કહ્યું. બીજે દિવસે બધા ઉંદરો બહાર નીકળ્યા. બધા અંદર ગયા કે છેલ્લા રહેલા બાંડા ઉંદરને ટપ પકડી ટપોટપ હજમ કરી

૩. કપાળ ઉપર કરવામાં આવતો લાંબો કે ગોળ ચાંલ્લો અજ્ઞાનજનતાને છેતરવામાં જ કામ લાગતો હોય, પરંતુ વીતરાગ પ્રભુની શરણ આજ્ઞાને શિરોધાર્ય કરવાનો તેનો હેતુ જો ન હોય.

૪. સુંદર કવર, સુંદર કાગળ, સુંદર પ્રીન્ટીંગ અને બોલ્ડ ટાઈપવાળા સંસ્થાઓના રીપોર્ટમાં માત્ર લાંબી લાંબી ડાહી ડાહી અને વાયડી સેવાની અને ધર્મકાર્યોની વાતોના જ વડાકા મારવામાં આવ્યા હોય, પરન્તુ તેમાં દર્શાવેલ વસ્તુનો તે તે સંસ્થામાં જો અમલ નહિ થતો હોય

૪. સાધુ વેષ માત્ર ભોળી જનતાને આકર્ષવા માટે જ હોય. પરન્તુ તે વેષની સંપૂર્ણ વફાદારી, તેમ તેને અનુકૂળ સુંદર આચરણનું જો હોવાનું જ હોય

૫. હાથવણાટના સુતરનો, બગલાની પાંખ જેવો સફેદ ઝભ્ભો, માત્ર દેખાવ તરીકે પહેરવા પુરતો જ હોય, પરન્તુ તેની પાછળ દેશની અને દેશસેવાની સાચી તમન્ના અને સાથ ક્રિયા જો ન હોય.

૬. સાકર અને દોરીની મધુરતાને પણ મહાત કરે એવી ટેમ પ્લેટફોર્મ અને ટેબલ ઉપર હાથ પછાડી વિવિધ અભિનયવાળી વ્યાખ્યાનપટુતા માત્ર લોકરંજન માટે કે પ્રખ્યાતઃ કહેવડાવા માટે જ હોય પરન્તુ વાણી પ્રમાણે જરા પણ વર્તન જો ન હોય.

૭. One rate (એક જ ભાવ) એવું સુંદર અને સ્ટાઈલિશ બોર્ડ મારે છે. કાચું ભેળસેળ વિગેરે ઉપરાંત

ઇન્દ્રિયોની મારફતે પ્રાપ્ત થતું સુખ એ આત્મિક સુખ નથી, પરન્તુ ભાડુતી સુખ છે. તરવારની તીક્ષ્ણ ધાર ઉપર ચોપડેલા મધને ચાટવાથી ક્ષણિક સ્વાદ પ્રાપ્ત થાય છે, પરન્તુ જીભ કપાયા પછી તેનું અસહ્ય દુઃખ ઘણા દિવસો સુધી સહન કરવું પડે છે. તે જ મુજબ ઇન્દ્રિયજન્ય સુખથી પ્રાપ્ત થતો સ્વાદ પણ ક્ષણિક હોય છે, પરન્તુ તે સુખોના ભોગવટાથી નરક, નિગોદના અકથ્ય અને અન્તિમ દુઃખો અસંખ્ય વર્ષો સુધી આત્માને જ ભોગવવા પડે છે. જે સુખના પાછળ દુઃખ રહેલું હોય છે તે સાચું સુખ નથી.

સાચું સુખ શાસ્ત્રકારો તેને જ કહે છે કે જે સુખ આવ્યા પછી કદીએ પાછું જાય જ નહિ. જે સુખની પાછળ દુઃખનો લેશ પણ ન હોય, જે સુખ દુઃખથી મિશ્રિત નહિ હોય, જેનાથી ચઢીયાતું સુખ અન્ય કોઇપણ સ્થળે હોય નહિ. એવા સુખને જ જ્ઞાનીઓ સાચું સુખ કહે છે. એ જ સુખમાં સાચી શાન્તિ હોય છે. તેવા જ સુખની પ્રાપ્તિ થતા આત્મા સાચું સ્વરાજ્ય (True home rule) પ્રાપ્ત કરે છે.

ઉપરોક્ત કોટીની Quality વાળું સુખ આ અતિ તુચ્છ સંસારમાં કોઇપણ સ્થળે મળી શકે એમ નથી પરંતુ તેવા પ્રકારનું સુખ માત્ર મોક્ષમાં જ પ્રાપ્ત થઇ શકે છે. તે પવિત્ર અને શાશ્વત સ્થાનને પ્રાપ્ત કરવા માટે શાસ્ત્રકારોએ સમ્યગ્દર્શન (True Faith) સમ્યગ્જ્ઞાન (True Knowledge) અને સમ્યક્ચારિત્ર (True Conduct) એ રત્નત્રયીને મુખ્ય સાધન તરીકે બતાવી છે.

यः कर्ता कर्म भेदानां भोक्ता कर्म फलस्य च ।
संसर्ता परिनिर्वाता, सह्यात्मा नान्यः लक्षणः ॥

અર્થ—જે કર્મના પ્રકારોને કરનારો છે, જે કર્મના ફલને ભોગવનારો છે, જે સંસારમાં પરિભ્રમણ કરે છે અને જે સંસારથી મુક્ત બને છે તે જ આત્માનું લક્ષણ છે.

આત્માના અવિનાશીપણાને જણાવતા ગીતાજીમાં પણ કહ્યું છે કે—

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
नैनं क्लेदयन्त्यापो नैनं शोषयति मारुतः ॥

આત્માને શસ્ત્રો છેદી શકતા નથી અગ્નિ બાળી શકતો નથી. પાણી ભીંજાવી શકતું નથી અને પવન તેને સૂકાવી શકતો નથી.

આત્માના અવિનાશીપણાને બતાવનારા આવા અનેક પાઠો છે.

માટે જે લોકો પંચ ભૂતમાંથી પેદા થાય છે અને તેમાં જ પાછો વિલીન થઇ જાય છે એવી માન્યતાવાળા છે તેમણે એ માન્યતાના ભૂતને ભગાડી દેવાની જરૂર છે.

વળી તુરતજ જન્મેલું બાળક કે કોઈએ કશું શીખવ્યા વિના કેમ, તે પોતાની માતાનું સ્તનપાન કરવા મંડી જાય છે તેમ રૂદન પણ કરે છે, વળી કેટલાકને તો જાતિસ્મરણ જ્ઞાન થાય પોતાનો પાછલો ભવ પણ દેખાય છે. આ વસ્ત-

જો કે પરમાત્મા કૃતકૃત્ય અને સંપૂર્ણ હોવાથી ઉપરોક્ત શક્તિનો પ્રયોગ કરવાનું તેમને હોય જ નહિ પરંતુ અંતરાયકર્મના નાશથી તે શક્તિઓનો સંપૂર્ણ આવિર્ભાવ તો હોવો જ જોઈએ

હાસ્ય—પરમાત્મા સંપૂર્ણ જ્ઞાની હોઈ સામાન્ય જનતાની માફક કૌતુક અગર કુતૂહલ આદિથી તેમને હસવાનું હોય જ નહિ

રતિ-અરતિ—સુખ ઉપર પ્રીતિ અગર દુઃખ ઉપર અપ્રીતિ જેવું તેમને હોય જ નહિ.

ભય—સર્વશક્તિમાન હોઈ તેમને કોઈ જીવનો કોઈના તરફથી ભય હોતો નથી

શોક—ઇષ્ટના વિયોગથી અને અનિષ્ટ વસ્તુના સંયોગથી તેમને જરાપણ દિલગીરી થતી નથી.

દુગંછા—ખરાબ પદાર્થો ઉપર પરમાત્માને જુગુપ્સા (Disgust) અર્થાત્ નાક ઉપર કપડું આડવાનું કે મોં મરોડવાનું હોય જ નહિ.

નિદ્રા—પરમાત્મા જગતના ચરાચર પદાર્થોને હંમેશને માટે દેખતા હોઈ નિદ્રા તેમને હોતી નથી. સદા જાગૃત જ હોય છે.

મિથ્યાત્વ—સાચાને ખોટું અને ખોટાને સાચું માનવા જેવી વિરુદ્ધ પ્રવૃત્તિ તેઓમાં કદી હોતી જ નથી.

અજ્ઞાન—કેવલ જ્ઞાનથી આખા જગતને સંપૂર્ણ પ્રતિભાસિત રીતે દેખે છે.

મહાવ્રતોની સમજ

૧. જગતમાં ત્રસ (હાલતા ચાલતા) અને સ્થાવર (સ્થીર) કોઈપણ નાના અગર મોટા પ્રાણીઓની હિંસા સ્વયં કરે નહિ, અન્ય પાસે કરાવે નહિ અને જેઓ તેવી હિંસા કરતા હોય તેમની અનુમોદના કરે નહિ (તેમને સારા જાણે નહિ) કે કાર્યોમાં નાની અગર મોટી હિંસા થાય તેવા કાર્યો સુસાધુ કરતા નથી

૨ સૂક્ષ્મ અગર સ્થુલ કોઈપણ પ્રકારના અસત્યને સ્વયં બોલે નહિ, બીજા પાસે બોલાવે નહિ, અને અસત્ય બોલતા હોય તેની અનુમોદના કરે નહિ.

૩. નાની અગર મોટી, ઓછી કીંમતી અગર કીંમતી કોઈપણ ચીજને માલીકની રજા વિના ગ્રહણ કરે નહિ, અન્ય પાસે ગ્રહણ કરાવે નહિ, અને ગ્રહણ કરનારની અનુમોદના કરે નહિ.

૪. સ્વયં સ્ત્રી સેવન કરે નહિ, અન્ય પાસે કરાવે નહિ અને જે તેવું કાર્ય કરતા હોય તેને ભલા જાણે નહિ.

૫. કોઈ કાંઈ પણ પરિગ્રહ સ્વયં રાખે નહિ, અન્ય પાસે રખાવે નહિ, અને જે રાખતા હોય તેને ભલા જાણે નહિ.

ઉપરોક્ત પાંચ મહાવ્રતને પાલન કરનાર, ઉપરાંત રાત્રિ ભોજન કદી કરે નહિ, કરાવે નહિ અને કરતાને ભલો જાણે નહિ તેમજ સ્વયં [illegible] પોતાને માટે બને [illegible] આહારની [illegible] [illegible] [illegible] રહી [illegible] માં અને [illegible] માં [illegible]

પૂ૦ હેમચન્દ્રાચાર્ય મહારાજ યોગશાસ્ત્રમાં ફરમાવે છે કે—

सरागोऽपि हि देवश्चेद् गुरुरब्रह्मचार्यपि ।
कृपाहीनोऽपि धर्मः स्यात्कष्टं नष्टं हहा ! जगत् ॥

રાગીદેવ, અબ્રહ્મચારી ગુરુ, અને કૃપા રહિત પણ જો ધર્મ હોય તો ખેદની વાત છે કે જગતનો નાશ થયો જ સમજો

દયાની મહત્તા બતાવતાં સ્કન્ધ પુરાણમાં પણ ફરમાવ્યું છે કે—

न हिंसासदृशं पापं त्रैलोक्येऽपि चराचरे ।
हिंसको नरकं गच्छेत् स्वर्गं गच्छेदहिंसकः ॥
धर्मोऽस्ति दयया तुल्यो, न क्वापि जगतीतले ।
तस्मात् सर्वप्रयत्नेन कार्या जीवदया नृभिः ॥

અર્થ—ચરાચર એવા ત્રણ જગતમાં હિંસા સમાન કોઈ પાપ નથી હિંસક નરકમાં જાય છે અને અહિંસક સ્વર્ગમાં જાય છે.

જગતમાં કોઈ પણ સ્થળે દયાના તુલ્ય બીજો ધર્મ નથી. તેથી સર્વ પ્રયત્નથી માણસોએ દયાના કાર્યો કરવાં જોઈએ. ઉપરના શ્લોકથી માલુમ પડે છે કે દયાના વિના ધર્મ ટકી શકતો જ નથી. જ્યાં અહિંસા છે ત્યાં જ ધર્મ છે.

વૈદિકધર્મનો સંબંધ વેદોની સાથે જ છે તેમ વેદમાં પણ અહિંસાધર્મનું [illegible]

બાર ભેદ છે. શંખ, કોડા, ગરોળા જળો અળસીયા, કરમીયા, પોરા આદિકોને સ્પર્શેન્દ્રિય અને રસેન્દ્રિય (જીભ) એ બે ઈંદ્રિયો હોવાથી બે ઇન્દ્રિયવાળા જીવો કહેવાય છે.

માંકડ, કાનખજુરા, જુઆ, કીડી, મકોડા, જુ આદિ જીવોને ઉપર જણાવેલ બે ઇન્દ્રિય ઉપરાંત ઘ્રાણેન્દ્રિય (નાક) વધુ હોય તેઓ ત્રણ ઇન્દ્રિયવાળા પ્રાણી કહેવાય છે. વીંછુ, ભમરી, પતંગીઆ, તીડ માખી, મચ્છર, કસારી આદિ જીવોને એક ચક્ષુઇન્દ્રિય વધારે હોવાથી તેઓ ચાર ઇન્દ્રિયવાળા જીવ કહેવાય છે

પંચેન્દ્રિયના ચાર પ્રકાર હોય છે.

નારકીના જીવો, દેવગતિના જીવો, મનુષ્યો અને પશુ પક્ષીઓને શ્રોતેંદ્રિય વધારે હોવાથી તેઓ પંચેંદ્રિય કહેવાય છે.

ઉપર જણાવેલ તમામ પ્રકારના જીવો ચૈતન્યની અપેક્ષાએ એક સરખા છે માત્ર કર્મવશાત્ ભિન્ન-ભિન્ન જાતિઓમાં ઉત્પન્ન થયા છે. દુનિયાના તમામ પ્રાણીઓ જીવવાને જ ઇચ્છે. મરવાનું કોઈને જ પસંદ નથી. દેવ- [illegible]

[illegible] વિનાના માનવીઓને જેમ [illegible] દવાઓ ફૂટી નીકળે છે અને શારીરિક નુકસાન પહોંચાડે છે તે જ મુજબ આર્યસંસ્કૃતિનું સુંદર ઘડતર ઘડનાર સમ્યક્‌જ્ઞાન વિહોણું મિથ્યાજ્ઞાન, આત્મિક નુકસાન કરવામાં કાંઈ જ બાકી રાખતું નથી. એકાન્તે હિતકર દેવ, ગુરુ અને ધર્મનો તિરસ્કાર, સ્વતંત્રતાના નામે સ્વચ્છંદ આચરણો, [illegible] [illegible], [illegible] દ્રવ્યને [illegible] [illegible] પાપથી [illegible], પુણ્ય, પાપ પરલોક આદિ ઢોંગમય છે એવો મિથ્યા બકવાદ વિગેરે આજનું ઝેરી વાતાવરણ મિથ્યા જ્ઞાનને જ આભારી છે તેવા મિથ્યાજ્ઞાનના ઝેરી [illegible] [illegible] જનતાને બચાવનાર સમ્યક્‌જ્ઞાનની પરબો ખડી કરવા માટે જૈનસમાજે તેમ અન્ય સમાજે બનતું બધું જ કરવું જોઈએ.

સમ્યગ્જ્ઞાનનું કાર્ય

